અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ મે ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૩ | અંક : ૩૧૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૭૯૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ઈઝરાયલે ગાઝા પર હવાઈ હુમલા કર્યા, ૬૫ પેલેસ્ટિનિયનના મોત

## અમેરિકાની મધ્યસ્થીમાં હમાસ તરફથી એક ઈઝરાયલી-અમેરિકી બંધકને મુક્ત કરાવ્યાના એક દિવસ બાદ ઈઝરાયલે આ હુમલા કર્યા છે





**। (એજન્સી) ઈઝરાય, તા.૧૪ ।** ઈઝરાયલે મંગળવારની રાત્રે અને બુધવારે વહેલી સવારે ગાઝામાં તાબડતોડ હવાઈ હુમલા કર્યા છે. જેમાં ૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૨ બાળકો માર્યા ગયા છે. અમેરિકાની મધ્યસ્થીમાં હમાસ તરફથી એક ઈઝરાયલી-અમેરિકી બંધકને મુક્ત કરાવ્યાના એક દિવસ બાદ ઈઝરાયલે આ હુમલા કર્યા છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું હતું કે, એવી કોઈ રીત નથી, જેનાથી ઈઝરાયલ ગાઝામાં પોતાનું યુદ્ધ રોકી શકે. આ નિવેદન સાથે બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ઈઝરાયલની સેનાએ હુમલા અંગે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. ઈઝરાયલે ગઈકાલે મોડી રાત્રે જબલિયાના રહેવાસીઓને વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. ત્યારબાદ હમાસના માળખાગત ઢાંચાને ટાર્ગેટ બનાવી હુમલાઓ શરૂ કર્યા હતાં.

રશિયા, ચીન અને યુકેએ ગાઝામાં સહાય વિતરણ માટે યુએસ-ઈઝરાયલની યોજનાને નકારી કાઢી છે, તેના બદલે ઈઝરાયલને ગાઝા પરનો બે મહિનાથી લાગુ નાકાબંધી હટાવવા અપીલ કરી છે. સાઉદી અરેબિયાની મુલાકાત લેવા જઈ રહેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ ગાઝામાં સંઘર્ષને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવા માટે કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ આ યુદ્ધને રોકવા માગતા નથી. તેઓ હમાસને ખતમ કરી દેવાનું નિવેદન આપી રહ્યા છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ઓછામાં ઓછા ૫૨,૯૦૮ સ્થાનિકો માર્યા ગયા છે અને ૧૧૯,૭૨૧ ઘાયલ થયા છે. સરકારી મીડિયા ઓફિસે મૃત્યુઆંક ૬૧,૭૦૦ દર્શાવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, કાટમાળ નીચે ગુમ થયેલા હજારો લોકોને પણ મૃત જાહેર કરવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ભારતમાં ચિપ આધારિત ઈ-પાસપોર્ટ થયો લોન્ચ

**। નવીદિલ્હી, તા.૧૪ ।** કેન્દ્ર સરકારે એક હાઈ-ટેક પહેલ હેઠળ દેશભરમાં ચિપ-આધારિત ઈ-પાસપોર્ટ સેવા શરૂ કરી છે. દેશમાં આ નવી સુવિધા શરૂ થવાથી વિદેશ પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને ઘણા ફાયદા થશે, સાથે જ ઈમિગ્રેશન પ્રક્રિયા, સુરક્ષા અને સંપર્ક ટ્રેસિંગને પણ સરળ બનાવશે. દેશમાં આ નવી પહેલ શરૂ થવાથી, ભારત યુએસ, યુકે, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા ૧૨૦ દેશોમાં જોડાયું છે, જે પહેલાથી જ ઈ-પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ઈ-પાસપોર્ટ એક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ છે. તેની પાછળ એક RFID ચિપ અને એન્ટેના છે. આ ચિપ પાસપોર્ટ ધારકનું નામ, જન્મ તારીખ, પાસપોર્ટ નંબર, ચહેરો અને ફિંગરપ્રિન્ટ જેવી બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સંગ્રહિત કરે છે. આ ડેટા આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિયમો BAC, PA અને EAC મુજબ એક્રિપ્ટેડ છે. ઈ-પાસપોર્ટ સેવાનો પાયલોટ પ્રોજેક્ટ પ્રથમ તબક્કામાં નાગપુર, ભુવનેશ્વર, જમ્મુ, ગોવા, શિમલા, જયપુર, ચેન્નાઈ, હૈદરાબાદ, ગુજરાતના સુરત, રાયપુર, અમૃતસર, રાંચી, દિલ્હી જેવા શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે.

### અલકાયદાની શાખા JNIMનો આતંક

## બુર્કીના ફાસોમાં 'જેહાદી' હુમલો, ૧૦૦થી વધુ વ્યક્તિઓનાં મોત

### મીલીટરી જુન્ટાનાં શાસનમાં રહેલી આશરે ૨ કરોડ ૨૩ લાખની વસ્તી અસામાન્ય, અસલામતીમાં જીવે છે : આવું અનેક દેશોમાં છે

**।બામાકો/ક્વાગાડૌગોઉ, તા.૧૪।** વિશ્વના વિવિધ દેશોમાં સતત આતંકી ઘટનાઓ સામે આવી રહી છે. હવે ઉત્તરી બુર્કિના ફાસોમાં મોટો આતંકી હુમલો થયો છે જેમાં ૧૦૦થી વધુ લોકોના મોત થવાની સંભાવના છે. સહાયતા કર્મી અને સ્થાનિકો દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર, માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના સૈનિકો હતા. જિહાદી ગ્રુપે એક સૈન્ય અડ્ડા અને લાંબા સમયથી ઘેરાયેલા રણનીતિક શહેર જીબો સહિત કેટલીક જગ્યાને નિશાન બનાવી હતી. દેશનાં જીબો શહેર ઉપર તો આતંકીઓએ તો ઘણાંએ મહિનાઓથી ગજબનો સખત ઘેરો નાંખ્યો છે.મૂળ ળાંસના તાબામાં રહેલા તમામ સહરત સ્ટેટસમાં તેમજ સબ-સહરત સ્ટેટસમાં રોજેરોજ સૂરજ રક્ત-રંજિત જ ઊગે છે.બપોરે આગ ઝરતી ગરમી અને મોડી રાતો ટાઢીબોળ તે સહરન અને સબ સહરન સ્ટેટસની સહજ સ્થિતિ છે. વર્ષા ઋતુ જેવું કશું હોતું જ નથી. કોઈ કોઈ વાર માત્ર કોઈ કોઈમાં જ કન્ડકશન કરંટનો વરસાદ પડી જાય છે.બુર્કીના ફાસોમાં વિવિધ જાતિઓ વસે છે. આરબ અને હબસીઓની મિશ્ર પ્રજા તુરેઘનું ભાની હબસી પ્રજા ઉપર કઠોર વલણ છે. તેથી ત્યાં જાતિવાદી સંઘર્ષ સહજ છે. એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે તેના પિતાની જેહાદીઓએ હત્યા કરી હતી.હુમલો અમે કર્યો છે, તેમ વટ મારતાં અલ કાયદાની શાખા સમાન હોવાનું પણ જાણવા મળ્યું છે.

### ભારતમાં ચીનનું સરકારી ગ્લોબલ ટાઈમ્સ અખબારનું X એકાઉન્ટ બંધ કરાયું

**। નવીદિલ્હી, તા.૧૪ ।** કેન્દ્ર સરકારે ભારત-પાકિસ્તાન તણાવ સમયે ખોટા સમાચાર ફેલાવવા બદલ ચીનના સરકારી મીડિયા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. ભારતમાં ચીનનું સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના X એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગ્લોબલ ટાઈમ્સ ચીનના શાસક પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટીનું સત્તાવાર અખબાર છે. છેલ્લા કેટલાક સમયથી ચીનની ભારત વિરૂદ્ધ અવળચંડાઈ બાદ આ પગલું હાથ ધરવામાં આવ્યું હોવાનુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### ગીતા પર હાથ મૂકીને લીધા શપથ

## કેનેડામાં ભારતીય મૂળના અનીતા આનંદ સંભાળશે વિદેશ મંત્રીની જવાબદારી

### અનીતા આનંદનો જન્મ કેંટવિલે, નોવા સ્કોટિયામાં થયો હતો, તેમના માતા-પિતા ફિઝિશિયન હતાં

**। (એજન્સી) ઓટાયા, તા.૧૪ ।** કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ મંગળવારે પોતાના કેબિનેટમાં મોટા બદલાવની જાહેરાત કરી છે, જેમાં ભારતીય મૂળના અનીતા આનંદને વિદેશ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નવનિયુક્ત લિબરલ સરકારની રચના હેઠળ આ પગલું લેવાયું છે. અનીતા આનંદે મંગળવારે ગીતા પર હાથ મૂકીને નવા વિદેશ મંત્રીના રૂપે શપથ લીધાં હતાં. તે કેનેડાની વિદેશ મંત્રી બનનારા પહેલાં હિન્દુ મહિલા પણ છે. કેનેડા



અનેક વિદેશી મામલાના પડકારનો સામનો કરી રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં જસ્ટિન ટ્રૂડોની જગ્યા લેનારા અને ગત મહિને ચૂંટણી જીતનારા કાર્નીએ અનીતા આનંદને મેલાની જૉલીની જગ્યાએ વિદેશ મંત્રી નિયુક્ત કરવામાં આવ્યા છે. મેલાનીને હવે ઉદ્યોગ મંત્રી બનાવવામાં આવ્યા છે. નોંધનીય છે કે, આ પહેલા અનીતાએ સંરક્ષણ મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. આ મુદ્દે કેનેડાના વડાપ્રધાન કાર્નીએ કહ્યું કે, કેનેડાના લોકોએ આ નવી સરકારને સંયુક્ત રાજ્ય અમેરિકા સાથે એક નવા આર્થિક અને સુરક્ષા સંબંધને વ્યાખ્યાયિત કરવા અને તમામ કેનેડાના લોકોને એક મજબૂત અર્થવ્યવસ્થા બનાવવા માટે જનાદેશ સાથે ચૂંટી છે. રાજા ચાર્લ્સ તૃતીય ૨૭ મે ના દિવસે સંદને ફરી શરૂ કરવા પર કેનેડાની સરકારની પ્રાથમિકતાઓને રેખાંકિત કરતા ભાષણ આપશે.

### તે છેલ્લા ૨૦ દિવસથી પાકિસ્તાનના કબજામાં હતાં

## પાકિસ્તાને ભારતના બીએસએફ જવાન પૂર્ણમ કુમારને પરત સોંપ્યા

**। નવીદિલ્હી, તા.૧૪ ।** પાકિસ્તાને ભારતના બીએસએફ જવાન પૂર્ણમ કુમાર ને પરત સોંપ્યા છે. પાકિસ્તાની સેનાએ અટારી વાઘા બોર્ડરના માર્ગે ભારત-પાકિસ્તાન તણાવ દરમિયાન અટકાયત કરાયેલા બીએસએફ જવાનને પરત ભારતને સોંપ્યા છે. તે છેલ્લા ૨૦ દિવસથી પાકિસ્તાનના કબજામાં હતાં. પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી હતી. તે સમયે ૨૩ એપ્રિલના રોજ બીએસએફ કોન્સ્ટેબલ પૂર્ણમ કુમાર ભૂલથી આંતરરાષ્ટ્રીય સરહદ ક્રોસ કરી પાકિસ્તાન પહોંચી ગયા હતા. જ્યાં પાકિસ્તાની સેનાએ અટકાયત કરી હતી.

## માતા વૈષ્ણો દેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવા ફરીથી શરૂ કરાઇ

**। (એજન્સી) જમ્મુ, તા.૧૪ ।** જમ્મુ કાશ્મીરના માતા વૈષ્ણો દેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવા બુધવારે ફરીથી શરૂ કરી દેવાઈ છે. જેને લઈને શ્રદ્ધાળુઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને પગલે હેલિકોપ્ટર સેવા અંદાજિત એક અઠવાડિયા સુધી બંધ રહી હતી. અધિકારીઓએ આ માહિતી આપી. હેલિકોપ્ટર સેવા શરૂ કરવા માટે એક



દિવસ પહેલા જ જમ્મુ અને શ્રીનગર સહિત ૩૨ એરપોર્ટ પર ફ્લાઈટ્સ શરૂ કરી દેવાઈ હતી.

બંને પાડોશી દેશો વચ્ચે સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતિ બન્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. મંદિર વ્યવસ્થાપન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે, 'માતા વૈષ્ણો દેવી મંદિરમાં હેલિકોપ્ટર સેવા છેલ્લા સાત દિવસો સુધી બંધ હતી, જેને આજે સવારે શરૂ કરી દેવાઈ. આ મહિનાની શરૂઆતથી તીર્થયાત્રીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો આવ્યો હતો, પરંતુ હવે આ વધી રહી છે.'

અધિકારીઓએ જણાવ્યું કે, તીર્થયાત્રીઓ માટે બેટરી કાર સેવા પણ ચાલું છે.

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી

## શ્રીનગરમાં ૧૧ સ્થળોએ દરોડા, ૧૫૦ લોકોને નિશાન બનાવ્યા

**। (એજન્સી) જમ્મુ કશ્મીર, તા.૧૪ ।** ભારતીય દળોએ પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દરમિયાન, હવે જમ્મુ-કાશ્મીરમાં પોલીસે પણ પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે. જમ્મુ અને કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં પોલીસે ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. ચાલો જાણીએ કે આ પોલીસ ઓપરેશનનો હેતુ શું છે.પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં પોલીસે આતંકવાદીઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે.

### બિન-લશ્કરી વિસ્તારોમાં ઘણા વણવિસ્ફોટાયેલા શેલ મળી આવ્યા

## જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ જીવંત બોમ્બનો નાશ કર્યો

### આ ગોળા પાકિસ્તાનના એ દાવાને ખોટો સાબિત કરે છે કે કોઈ રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો ન હતો

**। (એજન્સી) જમ્મુ, તા.૧૪ ।** જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ એક જીવંત શેલનો નાશ કર્યો. માહિતી અનુસાર, આ જીવંત શેલ થોડા દિવસો પહેલા રાજૌરી જિલ્લાના નૌશેરામાં મળી આવ્યો હતો. જ્યારે તેનો નાશ કરવામાં આવ્યો, ત્યારે એક જોરદાર વિસ્ફોટ થયો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા.

અહેવાલ મુજબ, જમ્મુ ક્ષેત્રના રાજૌરી જિલ્લાના બિન-લશ્કરી વિસ્તારોમાં ઘણા વણવિસ્ફોટાયેલા શેલ મળી આવ્યા છે. આ બોમ્બ પાકિસ્તાનના એ દાવાને ખોટો સાબિત કરે છે કે કોઈ રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો ન હતો.

ભારત દ્વારા 'ઓપરેશન સિંદૂર' પછી તરત જ પાકિસ્તાન તરફથી ગોળીબારની ઘટના બની હતી. ભારતે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર માં નવ આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો હતો. આ પહેલા પહેલગામ હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સેનાના હુમલા બાદ નાગરિક વિસ્તારોમાં ભારે બોમ્બમારો થયો હતો.

ગોળીબાર પછીની કાર્યવાહીમાં સામેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે જમીન પર ઉપલબ્ધ પુરાવા એ દાવાની વિરુદ્ધ છે કે પાકિસ્તાન દ્વારા ફક્ત લશ્કરી સ્થાપનો પર જ હુમલો કરવામાં આવ્યો હતો. "જેમ તમે મીડિયામાં જોયું હશે.

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી

## શ્રીનગરમાં ૧૧ સ્થળોએ દરોડા, ૧૫૦ લોકોને નિશાન બનાવ્યા

**। જમ્મુ કશ્મીર, તા.૧૪ ।** ભારતીય દળોએ પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દરમિયાન, હવે જમ્મુ-કાશ્મીરમાં પોલીસે પણ પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે.

જમ્મુ અને કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં પોલીસે ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. ચાલો જાણીએ કે આ પોલીસ ઓપરેશનનો હેતુ શું છે.

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં પોલીસે આતંકવાદીઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા પછી, ૧૫૦ આતંકવાદીઓ અથવા તેમના સહયોગીઓના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો આપતા માળખાને નાબૂદ કરવાના ઉદ્દેશ્યથી આ પોલીસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ઘણી જગ્યાએ દરોડાની કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી હેઠળ, પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના આતંકવાદી સહયોગીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. UAPA કાયદા હેઠળ નોંધાયેલા કેસમાં પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. આ ક્રમમાં મંગળવારે ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

### સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે

## કુર્રાગુટ્ટુલુ ટેકરી પર સુરક્ષા દળોએ ૩૧ કુખ્યાત નક્સલીઓને ઠાર કર્યા

### આ દિવસોમાં સુરક્ષા દળોએ નક્સલ મુક્ત ભારત હેઠળ નક્સલવાદીઓને ખતમ કરવાના અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે

**। (એજન્સી) છત્તીસગઢ, તા.૧૪ ।** નક્સલવાદ વિરુદ્ધ અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કુર્રાગુટ્ટુલુ હિલ્સ પર ૩૧ કુખ્યાત નક્સલીઓને મારી નાખવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતે ટ્વીટ દ્વારા આ માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે આ દિવસોમાં સુરક્ષા દળોએ નક્સલ મુક્ત ભારત હેઠળ નક્સલવાદીઓને ખતમ કરવાના અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે પોતાના ટ્વીટમાં લખ્યું છે કે નક્સલ મુક્ત ભારતના સંકલ્પમાં ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરતા, સુરક્ષા દળોએ નક્સલવાદ વિરુદ્ધ અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં છત્તીસગઢ-તેલંગાણા સરહદના કુર્રાગુટ્ટુલુ હિલ્સ માં છુપાયેલા ૩૧ કુખ્યાત નક્સલીઓને ઠાર માર્યા છે. જે પર્વત પર એક સમયે લાલ આતંકવાદનું શાસન હતું, ત્યાં આજે ત્રિરંગો ગર્વથી લહેરાતો હોય છે.

વધુમાં, ગૃહમંત્રીએ ટ્વીટમાં લખ્યું કે કુર્રાગુટ્ટાલુ ટેકરી એ PLGA બટાલિયન ૧, DKSZC, TSC અને CRC જેવા મુખ્ય નક્સલી સંગઠનોનું એકીકૃત મુખ્યાલય હતું, જ્યાં નક્સલી તાલીમ તેમજ વ્યૂહરચના અને શસ્ત્રો બનાવવામાં આવતા હતા. આ સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન આપણા સુરક્ષા દળો દ્વારા માત્ર ૨૧ દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું અને મને ખૂબ જ આનંદ છે કે આ ઓપરેશનમાં સુરક્ષા દળોમાં એક પણ જાનહાનિ થઈ નથી. ખરાબ હવામાન અને દુર્ગમ પર્વતીય પ્રદેશમાં પણ બહાદુરી અને હિંમતથી નક્સલવાદીઓનો સામનો કરનારા આપણા CRPF, STF અને DRG સૈનિકોને હું અભિનંદન આપું છું.

**ન્યૂઝ બ્રિફ**

## સોલા સિવિલ હોસ્પિટલમાં ટેરેસ ઉપર બનાવાયું રેડક્રોસનું સિમ્બોલ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવા માહોલની વચ્ચે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યા બાદ આરોગ્ય વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા સરકારી હોસ્પિટલો માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેમાં તમામ સરકારી હોસ્પિટલને સ્ટેન્ડ બાય રહેવા માટે થઈને સલાહ સૂચનો આપવામાં આવ્યા છે. જેના અંતર્ગત સોલા સિવિલ હોસ્પિટલ ટેરેસ ઉપર રેડ સિમ્બોલ (રેડક્રોસ) બનાવવામાં આવ્યો છે. કદાચ કટોકટી અને ઈમરજન્સીના સમયે હોસ્પિટલનું લોકેશન આઈડેન્ટીફાઈવ થઈ શકે અને ઈન્ડિયન એરફોર્સને હવામાંથી જ દૂરથી જ ખબર પડે કે અહીંયા કોઈ હોસ્પિટલ આવેલી છે, તે માટે થઈને તમામ સરકારી હોસ્પિટલના ટેરેસ પર રેડ ક્રોસનો મોટો સિમ્બોલ કરી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં હોસ્પિટલના તમામ સ્ટાફની રજાઓ પણ સરકાર દ્વારા કેન્સલ કરવામાં આવી છે, તેમજ દરેક વિભાગમાં ઈમરજન્સી, આઈસીયુ, ઓપરેશન થિયેટર કે પછી એમ.આર.આઈ, સીટી સ્કેન, એક્સ રે તમામ વિભાગમાં સ્ટેન્ડ બાય રહેવા માટે પણ સલાહ સૂચનો આપવામાં આવ્યા છે. બીજી તરફ કાશ્મીરના પહલગામના આતંકી હુમલાની અસર અમરનાથ યાત્રા પર પણ જોવા મળી રહી છે. અમરનાથ જનારા યાત્રિકોમાં પણ આતંકી હુમલાનો ડર જોવા મળી રહ્યો છે. યાત્રિકો સોલા સિવિલ હોસ્પિટલમાં ફિટનેસ સર્ટિફિકેટ માટે મોટા પ્રમાણમાં આવતા હોય છે, જો કે મેડીકલ ચેકઅપ બાદ ફિટનેસ સર્ટિફિકેટ માટે આવતા યાત્રિકોની હોસ્પિટલમાં પાંખી હાજરી જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસથી માત્ર ૨ કે ૩ યાત્રિકો મેડિકલ ફિટનેસ સર્ટીફીકેટ માટે આવ્યા હતા.

## ગુજરાતમાં IPSની અછત, ૨૪ કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર, અને ૧૪ વધારાના ચાર્જ સાથે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાત હાલમાં તેના પોલીસ વિભાગમાં અધિકારીઓની અછતને કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરી રહ્યું છે.રાજ્યમાં ૨૦૮ ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારીઓની અધિકૃત સંખ્યા છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, ફક્ત ૧૯૪ જગ્યાઓ ભરાઈ ગઈ છે, જેના કારણે ૧૪ અધિકારીઓની અછત રહી ગઈ છે. વધુમાં, ગૃહ વિભાગની સત્તાવાર માહિતી મુજબ, ગુજરાત કેડરના લગભગ ૨૪ IPS અધિકારીઓ હાલમાં કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર છે, જેના કારણે રાજ્યમાં ઉપલબ્ધ સક્રિય અધિકારીઓની સંખ્યા વધુ ઘટી ગઈ છે. વધુમાં, ૧૪ અધિકારીઓ તેમની હાલની ફરજો સાથે વધારાની જવાબદારીઓનું સંચાલન કરી રહ્યા છે. આ સ્ટાફની અછત એવા સમયે આવી છે જ્યારે ગુજરાતમાં સાયબર ક્રાઈમ અને અન્ય ગુનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. તે વધતા ગુના દર અને રાજ્યની પોલીસ ક્ષમતા વચ્ચે વધતા અંતરને પણ પ્રકાશિત કરે છે.

### મકાનો અપાવવાની લાલચે ઠગાઇ કરતી અનેક ગેંગ સક્રિય

## ડ્રો વગર આવાસ મકાનો અપાવવાનો ખેલ ગેંગ AMCની કેન્ટિનમાં જ નાણાંનું વહીવટ કરતી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

શહેરમાં બની રહેલા આવાસ મકાનો અપાવવાની લાલચે ઠગાઇ કરતી અનેક ગેંગ સક્રિય છે. તેવામાં વધુ એક મહિલા સાથે આવાસ મકાનો ડ્રો વગર અપાવવાના નામે છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. આનંદનગરમાં રહેતી મહિલાના બાજુના બ્લોકમાં રહેતી મહિલાએ આ પ્રકારની લાલચ આપી હતી. ત્યાર બાદ મુખ્ય આરોપીએ તેના સાગરિતો સાથે મળીને ખમાસા ખાતેની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કેન્ટીનમાં છેતરપિંડીનો ખેલ ખેલ્યો હતો. મહિલા સાથે આરોપીઓએ અવાર નવાર કેન્ટીનમાં મુલાકાત કરીને આશરે ૭.૫૦ લાખ પડાવી લીધા હતા. ગેંગના બે આરોપીએ તો અમદાવાદ અને ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનમાં હોવાનું કહીને ખોટા સહી-સિક્કાવાળી પહોંચ પણ આપી હતી. આ મામલે અનેક અરજીઓ કરાયા બાદ હવે આનંદનગર પોલીસે ગેંગના સાત લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આનંદનગરમાં રહેતા મીનાક્ષીબેન મીયાવડા પરિવાર સાથે ભાડાના મકાનમાં રહે છે. થોડા વર્ષો પહેલા તેમની બાજુના બ્લોકમાં રહેતી નીતા ઠાકોર સાથે પરિચય થયો ત્યારે નીતાએ તેના જૂના પાડોશી મુકેશ પંચાલ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ડ્રો વગર મકાન અપાવવાનું કામ કરતો હોવાની મીનાક્ષીબેનને જાણ કરી હતી. નીતા ઠાકોર કોઈ લાભાર્થી હોય તો મુકેશ પંચાલ વતી ફોર્મ ભરતી હોવાનું પણ જણાવતી હતી. મીનાક્ષીબેન ભાડાના મકાનમાં રહેતા હોવાથી તેમને મકાનની જરૂર હોવાથી તેમણે નીતાને સેટિંગથી ડ્રો વગર મકાન લેવા ઈચ્છા દર્શાવી હતી. બાદમાં નીતાએ આ મુકેશ પંચાલને ફોન કરીને વાત કરતા તેણે ખમાસા મ્યુસિપિલ કોર્પોરેશનની ઓફિસે મળવા બોલાવતા મીનાક્ષીબેન અને નીતા ત્યાં ગયા હતા. જ્યાં મુકેશે થલતેજ તક્ષશિલા ખાતે મકાન ખાલી હોવાથી સેટિંગ કરી આપવાનું કહીને ૧૨.૫૦ લાખ ભરવા મીનાક્ષીબેનને કહ્યું હતું. આ ૧૨.૫૦ લાખમાં રોકડા ૮.૫૦ લાખ અને ૪ લાખની લોન કરાવવાનું કહેતા મીનાક્ષીબેન ઘરે પરત ફર્યા હતા. બીજા દિવસે મીનાક્ષીબેન તેમના પતિ સાથે એએમસીની ઓફિસે ગયા હતા. જ્યાં મુકેશ અને તેના સાગરિતો કેન્ટીનમાં હાજર હતા. ત્યાં હાજર પુનિતા વિરાણી, તુષાર પંડ્યા સાથે મીનાક્ષીબેનને મુલાકાત થઈ હતી. બાદમાં નિરવ પંડ્યા કે જેણે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનમાં અને વિપુલ યાજ્ઞિક કે જેણે ખમાસા એએમસીમાં ફરજ બજાવતા હોવાની ઓળખ આપીને મીનાક્ષીબેન સાથે મુલાકાત કરી હતી. મકાન બાબતે મીનાક્ષીબેનને અવાર નવાર આ લોકો સાથે મુલાકાત થયા બાદ તેમણે અઢી લાખ રૂપિયા એએમસીની કેન્ટીનમાં આપ્યા હતા.

## જામનગર શહેરમાં જર્જરિત ઈમારતોની પ્રિ-મોન્સુન કામગીરીના સંદર્ભમાં મનપા દ્વારા સર્વે કરાયું

### હાલના દિવસોમાં તંત્રએ ૨૨૨ જેટલી ઇમારતોનો સર્વે કર્યા બાદ કુલ ૧૪૭ સ્થળોએ ઈમારતોની જર્જરિત સ્થિતિ સુધારવા નોટીસો આપવામાં આવી છે

। (એજન્સી) જામનગર, તા.૧૪ ।

જામનગર શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે મહાનગર પાલિકા દ્વારા પ્રિ-મોન્સુન સર્વે યોજીને જર્જરિત ઈમારતોને નોટીસો આપવાની કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત હાલના દિવસોમાં તંત્રએ ૨૨૨ જેટલી ઈમારતોનો સર્વે કર્યા બાદ કુલ ૧૪૭ સ્થળોએ ઈમારતોની જર્જરિત સ્થિતિ સુધારવા નોટીસો આપવામાં આવી છે. કોર્પોરેશનની ટીપીઓ. એસ્ટેટ અને ફાયર શાખાના કર્મચારીઓની બનેલી ૬ ટીમો દ્વારા મે માસમાં જર્જરિત ઈમારતોનો સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન ટીમો દ્વારા કુલ ૨૨૨ ઈમારતોનો સર્વે કરવામાં આવતાં ગત વર્ષે જે ઈમારતો જર્જરિત તરીકે ગણાઈ હતી. તેમાંની ઈમાતરોમાં રીપેરીંગ



સહિતના ફેરફારો થઈ જવા પામ્યા છે. ૧૯ વોર્ડના તમામ વિસ્તારો જેમાં ખાસ કરીને જુના જામનગરના વિસ્તારોમાં જુના મકાનો વિશેષ હોવાથી તંત્રની ટીમો દ્વારા આ વિસ્તારોમાં સર્વે કરતી વેળાએ ખાસ ધ્યાન અપાય છે.

ચાલુ મહિનામાં આવા સર્વે દરમિયાન ૧૪૭ સ્થળોએ મકાનોના છજા, ગેલેરી, અગાશીની પારાપેટ સહિતના ભાગો જર્જરિત થઈને પડે તેવા જણાતા હોવાથી ટીમો દ્વારા આ તમામ સ્થળોના ભોગવટા કરતા લોકોને મકાનોના જર્જરિત હિસ્સાને દુર કરીને સલામત સ્તરે લવવાની કાર્યવાહી કરીને રીપોર્ટ આપવા નોટીસો આપવામાં આવી છે.

શહેરમાં કોર્પોરેશનની ૧૪૦૪ આવાસ યોજનાના ૧૪૦૪ ફ્લેટોને ૨૦૧૮થી જોખમી ગણીને નોટીસો અપાયા બાદ આ કોલોનીના બે માળના ૧૧૭ બ્લોક્સ પૈકીના ૬૬ બ્લોક્સના ૭૯૨ ફલેટસ તોડી પાડવામાં આવ્યા છે. આ જ રીતે હાઉસીંગ બોર્ડ સાધના કોલોનીના ૨૯ બ્લોક્સના ૩૪૮ ફલેટસ તોડી પાડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ૧૪૦૪ આવાસોના બાકી રહેલા આવાસો પણ તોડી પાડવાની તૈયારી ચાલતી હોવાના સંકેતો સાંપડે છે. આમ શહેરમાં છેલ્લા એક વર્ષમાં તંત્રએ જોખમી ગણેલા એવા ૧૪૭ જેટલી જોખમી ઈમારતોને સેઈફ સ્ટેજે લઈ જવા નોટિસ પાઠવી છે.

## વસ્ત્રાપુર હાટમાં એક મહિના સુધી યોજાશે કેસર કેરી મહોત્સવ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો ઉનાળાના બળબળતા તાપ વચ્ચે રસાયણમુક્ત મીઠી કેરીની જ્યાફત હવે ઘર આંગણે જ માણી શકશે. ગુજરાતમાં રસાયણમુક્ત કેરી પકવતા ખેડૂતો કેરીનું વેચાણ સીધું શહેરીજનોને કરીને પોષણક્ષમ ભાવ મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે.અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનાર આ કેરી મહોત્સવનો કૃષિ મંત્રી રાઘવજી પટેલ આજે તા.૧૪ મે,૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે. આ કેસર કેરી મહોત્સવ આગામી તા.૧૩ જૂન એટલે કે એક મહિના સુધી ચાલશે.

કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં ઉભા કરાયેલા આશરે ૮૫જેટલા સ્ટોલ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે.આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતા ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે.

કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર "કેસર કેરી મહોત્સવ" જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઈ રહી છે.વડાપ્રધાન મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી.

ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા "કેસર કેરી મહોત્સવ"માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રેકોર્ડબ્રેક ૨.૭૦ લાખ કિલોથી વધુ કેરીની ખરીદી કરી હતી.

## ગ્રામ પંચાયતોની ચૂંટણી બેલેટ પેપરથી મતદાન યોજવા સૂચના

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓને લઈને આખરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવા માટે સૂચના આપી દેવાઈ છે. વિકાસ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીને બેલેટ પેપર અને કાઉન્ટિંગ હોલ સહિતની તૈયારીઓ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અધિકારીઓને તૈયારીઓ માટે સૂચના આપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવાની આખરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ૧-૪-૨૦૨૨ થી ૩૦-૬-૨૦૨૫ સુધી મુદ્દત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. આ ઉપરાંત વિસર્જન થયેલી તથા મધ્યસત્ર ચૂંટણીને લઈ પૂર્વ તૈયારીઓ માટે કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે.

### સરકારે રજાઓ મંજૂર કરવાનો લીધો નિર્ણય

## ગુજરાતના સરકારી કર્મચારીઓ અને અધિકારીઓએ રજા લઇ શકશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાયા બાદ રાજ્ય સરકારે તમામ કર્મચારીઓની રજા રદ કરી, તાત્કાલિક ફરજના સ્થળે હાજર થવાના આદેશ કર્યા હતા. જોકે ૧૦મેના રોજ બંને દેશોએ સીઝફાયરની જાહેરાત કર્યા બાદ સ્થિતિ સામાન્ય બનતાં રાજ્ય સરકારે કમર્ચારી અને અધિકારીઓની રજા મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારના નિર્ણય બાદ સરકારી કર્મચારીઓમાં ખુશી લાગણી પ્રવર્તી છે. જો કે, તમામ લોકોએ અનિવાર્ય સંજોગોમાં ફરજ પર હાજર થવું પડશે. એટલું જ નહીં, રજાઓ દરમિયાન તમામે ફોન-ઈ મેલ પર પણ સતત ઉપલબ્ધ રહેવું પડશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના બધા જ વિભાગો અને ખાતાઓ તેમજ બોર્ડ, નિગમો, પંચાયત, કોર્પોરેશન તથા સ્વાયત્ત અને અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ-કર્મચારીઓની અનિવાર્ય સંજોગો સિવાયની બધા જ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી હતી.

### આગામી સમયમા ડીટેઈન કરવામા આવી શકે છે

## મીટર ન લગાવનાર અમદાવાદના રિક્ષા ચાલકો સામે પોલીસની લાલઆંખ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના રિક્ષા ચાલકો વિરુદ્ધ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. મિટર ન લગાવનાર રિક્ષા ચાલકોને પોલીસે દંડ ફટકાર્યો છે. ૨૮૧૧૨ રિક્ષા ચાલકો સામે પોલીસે કાર્યવાહી કરી છે. કારણ કે આ રિક્ષા ચાલકોએ મીટર લગાવ્યું નહોતું. મિટર ન લગાવનાર રિક્ષા ચાલકો વિરુદ્ધ પોલીસની કાર્યવાહી હાથ ધરી છે. ટ્રાફિક પોલીસે મીટર વગર ચાલતા ૨૮,૧૧૨ રિક્ષા ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરી છે. રિક્ષા ચાલકો પાસેથી કુલ ૧.૫૬ કરોડનો દંડ વસુલ કરવામા આવ્યો છે. સાથે જ રિક્ષામા મિટર ન લગાવનારની રિક્ષા પણ આગામી સમયમા ડીટેઈન કરવામા આવી શકે છે. તમને જણાવી દઈએ કે, ૧ જાન્યુઆરી ૨૦૨૫થી રિક્ષામા મીટર લગાવવું અને તેને ચાલુ હાલતમાં રાખવું ફરજિયાત કરવામાં આવ્યુ હતું. તેમ છતાં ઘણા રિક્ષા ચાલકો આ નિમયોનું પાલન કરતા નહોતા તેથી તેમને પોલીસે દંડ ફટકાર્યો છે.

## વડોદરામાં ૧૬ થી ૨૧ દરમ્યાન વીજ પુરવઠો સવારે ૬ થી ૧૦ સુધી બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં વીજ રીપેરીંગ અંગે વિદ્યુત પુરવઠો તા.૧૬ થી ૨૧ દરમ્યાન સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે. વીજ રીપેરીંગ વહેલુ પૂરું થઈ જશે તો કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પ્રવાહ ચાલુ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે જીઆઈડીસી સબ ડિવિઝન તા.૧૭-મે શનિવારે માણેજા ફીડરના આસપાસનો વિસ્તાર. તા.૨૧-મે સોમવારે આશ્રય ફીડરના આસપાસનો વિસ્તાર. એવી જ રીતે વાળી સબ ડિવિઝન ખાતે તા.૧૭-મે શનિવારે સુવરના ભૂમિ ફીડરના આસપાસનો વિસ્તાર. તરસાલી સબ ડિવિઝન ખાતે તા.૧૬-મે શુક્રવારે તરસાલી ગામ ફીડર સહિત બરાનપુરા સબ ડિવિઝન ખાતે તા.૨૦-મે મંગળવારે મંગળવારે અપ્સરા ફીડરના આસપાસનો વિસ્તાર. એવી જ રીતે માંજલપુર શાબ ડિવિઝન ખાતે તા.૧૫-મે ગુરુવારે અંબે ફીડર શહીદ આસપાસનો વિસ્તાર.

### ફુડ વિભાગની ટીમે કાર્યવાહી હાથધરી

## રાજકોટમાં ફૂડ વિભાગની તવાઈ, ફૂડ ઉત્પાદકો અને વિક્રેતાઓને ફટકાર્યો દંડ

### ઘણીવાર ફુલ વિભાગના આદેશ છતાં વિક્રેતાઓ સુધરતા નથી અને બગડેલી વસ્તુઓ અથવા તો મિલાવટવાળી વસ્તુઓ આપીને લોકોના સ્વાસ્થ્યને જોખમમાં મુકે છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૪ ।

રાજકોટ મહાનગર પાલિકાનાં ફુડ વિભાગની ટીમે કાર્યવાહી હાથધરી છે જેમાં વિવિધ ખાદ્ય વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા હતા. જે વેપારીઓ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે જીવન સાથે ચેડાં કરે તે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઘણીવાર ફુલ વિભાગના આદેશ છતાં વિક્રેતાઓ સુધરતા નથી અને બગડેલી વસ્તુઓ અથવા તો મિલાવટવાળી વસ્તુઓ આપીને લોકોના સ્વાસ્થ્યને જોખમમાં મુકે છે.

રાજકોટ ફૂડ વિભાગે વિક્રેતાઓ પર કાર્યવાહી કરી છે. ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા સંખ્યાબંધ નમૂના નાપાસ થતાં હતા. જેમાં કેળાની વેફર, ગાયનું ઘી, સહિતના નમૂના ફેલ થયા હોવાનું સામે આવ્યું છે. સાથે જ ફૂડ વિભાગે ઉત્પાદકો અને વિક્રેતાઓને ૩.૫



લાખનો દંડ ફટકાર્યો હતો. ફૂડ વિભાગે ખાણીપીણીમાં કોઈ મિલાવટવાળી વસ્તું કે બગડેલો સામાન નથી તે અંગે તપાસ હાથધરી હતી. આ દરમિયાન ૨૧ ધંધાર્થીઓને નોટિસ ફટકારવામાં આવી છે. અખાદ્ય વસ્તુઓ મામલે ચકાસણી હાથ ધરવામાં આવતા અનેક વિક્રેતાઓ પકડાયા હતા અને તેમને ફૂટ વિભાગે આકરો દંડ પણ ફટકાર્યો હતો.

તમને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા રાજકોટમાં આવેલા નેન્સી ગૃહ ઉદ્યોગમાં ફૂડ વિભાગે ચેકિંગ હાથ ધર્યુ હતું. ફૂડ વિભાગની તપાસ દરમિયાન ૧૧૦ કિલો અખાદ્ય હિંગના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સિવાય હિંગ, મરચું પાઉડર, હળદર, જીરૂ, રાઈ, ધાણી, મેથી સહિતના નમૂના લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા જે વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે તેમાંથી ૨ નમૂના તપાસમાં ફેલ સાબિત થયા છે જેને લઈને નેન્સી ગૃહ ઉદ્યોગને રૂપિયા ૭૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ સિવાય શહેરના અમૃત મુખવાસ પરાબજારમાંથી મીઠા મુખવાસના નમૂના લેવામાં આવ્યા છે જેમાંથી પણ સિન્થેટિક ક્લરની ભેળસેળ નીકળી છે અને જેને લઈને ફૂડ વિભાગ કાર્યવાહી કરતા પેઢીના માલિકને રૂપિયા ૩૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ સિવાય શહેરમાં અન્ય જગ્યાએથી પણ ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા છે અને અખાદ્ય વસ્તુઓ મામલે કાર્યવાહી કરવામાં આવી છે.

### PMJAY-મા યોજના અંતર્ગત "G" કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે : આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યના કર્મયોગીઓ માટે આરોગ્યલક્ષી મહત્વની પહેલ

। ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્વ પૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે.

વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ અમલી PMJAY-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઈ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને "G" સીરીઝનું AB-PMJAY-MAA કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી PMJAY નોડલ એજન્સી



SHA (STATE HEALTH AGENCY) કરશે.

જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને PMJAY એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે (OPD) સારવારનો સમાવેશ થશે નહી. હાલ આપ વામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ (૧૦૦૦/- રૂ.) યથાવત મળવાપાત્ર રહેશે.

રૂ.૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર AB-PMJAY-MAA માં ઉપલ્બ્ધ ન હોય તેમજ હોસ્પિટલ PMJAY માં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે. અત્રે નોંધનીય છે કે, હાલ PMJAY-મા યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨,૬૫૮ હોસ્પિટલો (ખાનગી: ૯૦૪, સરકારી:૧૭૫૪) સંકળાયેલ છે.જેમાં ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીજરની સારવાર આવરી લેવામાં આવી છે.

રાજ્યમાં ફરજ બજાવતાં ALL INDIA SERVICES (AIS)ના અધિકારીઓ તથા પેન્શનરો, રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને તેમનાં આશ્રિત કુટુંબીજનોને તેમજ જે કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે તે તમામને આ યોજનાનો લાભ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અંદાજે ૪.૨૦ લાખ અધિકારી-કર્મચારીઓ અને અંદાજે ૨.૨૦ લાખ પેન્શનર્સ મળી કુલ ૬.૪૦ લાખ કર્મયોગીઓને આરોગ્ય સેવા-સુવિધાઓનો લાભ આ યોજના હેઠળ મળશે. ફીકસ-પે કર્મચારીઓને હાલ કર્મયોગી કાર્ડ અંતર્ગત લાભ મળી રહ્યો છે. ૭૦+ પેન્શનર્સને હાલ તાજેતરમાં શરૂ કરાયેલ વયવંદના યોજનામાં લાભ મળતો હોવાથી આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં.

આ યોજના અંતર્ગત રૂ. ૩૦૩.૩ કરોડ પ્રીમીયમનું ભારણ રાજ્ય સરકાર પર આવશે. આ કાર્ડ હેઠળ સારવાર માટે રાજ્ય સરકાર ૩૭૦૮/- રૂ. વાર્ષિક પ્રતિ કુટુંબ દીઠ પ્રિમિયમ ચૂકવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### કેન્દ્રીય મંત્રીમંડળે ભારતના છઠ્ઠા સેમિકન્ડક્ટર યુનિટના નિર્માણના પ્રસ્તાવને મંજૂરી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બુધવારે યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર પ્રદેશના જેવરને મોટી ભેટ મળી છે. કેબિનેટ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રેસ બ્રીફિંગમાં નિર્ણયોની માહિતી આપી. તેમણે કહ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળે ભારતના છઠ્ઠા સેમિકન્ડક્ટર યુનિટના નિર્માણના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ યુનિટ યુપીના જેવરમાં બનાવવામાં આવશે. યુપીના જેવરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું બાંધકામ અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળે છે. જેવર નજીક એક ફિલ્મ સિટી પણ બનાવવામાં આવી રહી છે. હવે જેવરમાં દેશના છઠ્ઠા સેમિકન્ડક્ટર યુનિટના નિર્માણ સાથે, આસપાસના વિસ્તારોનો વિકાસ ઝડપથી વધશે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અત્યાર સુધીમાં પાંચ સેમિકન્ડક્ટર યુનિટ બનાવવામાં આવ્યા છે. હવે છઠ્ઠું યુનિટ યુપીના જેવરમાં બનાવવામાં આવશે. આ HCL અને ફોક્સકોન કંપનીનું સંયુક્ત એકમ છે. ડિસ્પ્લે ચલાવતી ચિપ અહીં બનાવવામાં આવશે. આ યુનિટના નિર્માણમાં લગભગ ૩૭૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ઉત્તર પ્રદેશમાં HCL-ફોક્સકોન સંયુક્ત સાહસ સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી. આના પર ૩,૭૦૬ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "કેન્દ્રીય મંત્રીમંડળે ઉત્તર પ્રદેશના જેવરમાં ભારતના છઠ્ઠા સેમિકન્ડક્ટર યુનિટને મંજૂરી આપી છે.

### લવ જેહાદનો ભોગ બનનારી બે મહિલાઓએ શિવ મંદિરમાં લગ્ન કર્યા

। (એજન્સી) બદાયૂં, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લામાં કથિત રીતે 'લવ જેહાદ'નો ભોગ બનેલીબે છોકરીઓએ મંગળવારે કોર્ટ પરિસરમાં આવેલા શિવ મંદિરમાં લગ્ન કર્યા છે. એક અધિકારીએ આ માહિતી આપતા કહ્યું કે, આશા અને જ્યોતિ નામની છોકરીઓએ વકીલ દિવાકર વર્મા અને અન્ય ઘણા લોકોની હાજરીમાં મંદિરમાં માળા પહેરાવીને લગ્ન કર્યા હતા. એડવોકેટ દિવાકર વર્માએ જણાવ્યું હતું કે,'આશા અને જ્યોતિ નામની બે છોકરીઓ બદાયૂં કોર્ટ પરિસરમાં આવેલા તેમના ચેમ્બરમાં પહોંચી અને એકબીજા સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.' વર્માએ કહ્યું કે, તેમણે બંને છોકરીઓને કહ્યું કે તમે કાયદેસર રીતે લગ્ન કરી શકતા નથી કારણ કે તેઓ એક જ લિંગના છે, ત્યારબાદ બંને છોકરીઓએ કલેક્ટર કચેરીના શિવ મંદિરમાં માળા અર્પણ કરીને એકબીજા સાથે "લગ્ન" કર્યા હતા. 'લવ જેહાદ'નો ભોગ બનેલી આશાએ દાવો કર્યો હતો કે બે મુસ્લિમ છોકરાઓએ નામ બદલીને પ્રેમનું નાટક કર્યુ અને બાદમાં તેમની સાથે છેતરપિંડી કરી.

### પિથોરાગઢમા વૃદ્ધ મહિલા યાત્રાળુનું પથ્થર પડતાં મૃત્યુ થયુ

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૪ ।

ઉત્તરાખંડના પિથોરાગઢમાં એક દુઃખદ ઘટનામાં, એક વૃદ્ધ મહિલા યાત્રાળુનું પથ્થર પડતાં મૃત્યુ થયું. આ અકસ્માત પાર્વતી કુંડ નામના તીર્થસ્થળ પર થયો હતો. કેસની માહિતી આપ તાં પોલીસે જણાવ્યું કે મહિલા યાત્રાળુ ઉત્તરાખંડના આદિ કૈલાશ શિખરની યાત્રા માટે ગઈ હતી. દરમિયાન, જોલિંગકોંગમાં એક પથ્થર સાથે અથડાવાથી તેનું મૃત્યુ થયું. પોલીસે જણાવ્યું કે મૃતક મહિલા ગુજરાતના કચ્છના ગાંધીધામની રહેવાસી હતી.પિથોરાગઢના ગુંજી પોલીસ સ્ટેશનના એસએચઓ આશુતોષ કુમારે જણાવ્યું હતુ કે સોમવારે બપોરે એક પથ્થર મહિલા પર પડતાં અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૬૪ વર્ષીય મહિલા સનવાલા દેવયાનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મહિલા પાર્વતી સરોવર, શિવ મંદિર અને આદિ કૈલાશના દર્શન કર્યા પછી ખચ્ચર પર સવાર થઈને ગૌરીકુંડ જઈ રહી હતી, ત્યારે અચાનક ઉપરથી એક પથ્થર પડ્યો અને તેનું મોત નીપજ્યું. અકસ્માત બાદ પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધારચુલા મોકલી આપ્યો હતો અને મૃતકના સંબંધીઓને ઘટનાની જાણ કરી હતી. દરમિયાન, ધારચુલા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મનજીત સિંહે જણાવ્યું હતુ કે, 'શબ પોસ્ટમોર્ટમ માટે ધારચુલા પહોંચી ગયું છે.

---

રાષ્ટ્રપતિ મુર્મુએ આપી મંજૂરી । પ્રીતિ સુદાનનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૯ એપ્રિલથી UPSC ચેરમેન પદ ખાલી પડ્યું હતું

# ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ અજય કુમાર બન્યા નવા UPSC અધ્યક્ષ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ અજય કુમારને મંગળવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કેન્દ્રીય કર્મચારી મંત્રાલયના એક આદેશમાં આ માહિતી આપવામાં આવી હતી. પ્રીતિ સુદાનનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૯ એપ્રિલથી UPSC ચેરમેન પદ ખાલી પડ્યું હતું.

આદેશ અનુસાર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અજય કુમારની UPSC અધ્યક્ષ તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. અજયકુમારના સર્વિસ રેકોર્ડ મુજબ કેરળ કેડરના ૧૯૮૫ બેચના નિવૃત્ત ભારતીય વહીવટી સેવા અધિકારીએ ૨૩ ઓગસ્ટ, ૨૦૧૯ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી સંરક્ષણ સચિવ તરીકે સેવા આપી હતી.

અજય કુમારે મિનેસોટા યુનિવર્સિટીમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં Phd અને એપ્લાઇડ ઈકોનોમિક્સમાં MS કર્યું છે, જે તેમણે માત્ર ત્રણ વર્ષમાં પૂર્ણ કર્યું છે. વધુમાં, તેઓ IIT કાનપુરમાંથી B.Tech સ્નાતક છે અને ઈન્ડિયન નેશનલ એકેડમી ઓફ એન્જિનિયર્સના ફેલો છે.

અજય કુમાર ભારતના સૌથી વરિષ્ઠ અમલદારોમાંના એક છે, જેઓ સંરક્ષણ સચિવ તરીકે નિવૃત્ત થયા હતા. તેમણે સંરક્ષણ વિભાગમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની રચના, અગ્નિવીર યોજના, આત્મનિર્ભર ભારત પહેલ અને ઓર્ડનન્સ ફેક્ટરીઓનું કોર્પોરેટાઈઝેશન જેવા પરિવર્તનકારી સંરક્ષણ સુધારાનું નેતૃત્વ કર્યું. ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયમાં એક ઉચ્ચ અધિકારી તરીકે અજય કુમારે પીએમ મોદીના નેતૃત્વમાં UPI, આધાર, માયગોવ અને સરકારી ઈ-માર્કેટપ્લેસ જેવા ડિજિટલ ઈન્ડિયા પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ભારતના ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ઉત્પાદન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે અજય કુમારે રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૧૨ પણ ઘડી હતી. અજય કુમારે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોની સરકાર સાથે કામ કર્યું, સાથે જ ભારત સરકાર અને કેરળ સરકાર બંનેમાં મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા છે. જેમાં કેલ્ટ્રોનના મુખ્ય સચિવ અને સ્થ્ઢ તરીકેનો સમાવેશ થાય છે, જેને તેમણે પુનર્જીવિત કરવામાં મદદ કરી હતી. IAS, IFS અને IPS માટે અધિકારીઓની પસંદગી માટે UPSC સિવિલ સર્વિસ પરીક્ષાનું આયોજન કરે છે, તેનું નેતૃત્વ એક અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે. આમાં વધુમાં વધુ ૧૦ સભ્યો હોઈ શકે છે. હાલમાં, કમિશનમાં બે સભ્યોની જગ્યા ખાલી છે. UPSC ચેરમેનની નિમણૂક છ વર્ષ માટે અથવા તેઓ ૬૫ વર્ષની ઉંમર પૂર્ણ કરે ત્યાં સુધી કરવામાં આવે છે.

---

શું રોહિત શર્મા રાજકારણમાં પ્રવેશ કરશે?

# રોહિત શર્મા નિવૃત્તિ લીધા બાદ સીએમ દેવેન્દ્ર ફડણવીસને મળ્યા પહોંચ્યા

**ફડણવીસે રોહિત સાથેની મુલાકાતની તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે**

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૪ ।



ભારતીય ક્રિકેટ ટીમના હિટમેન એટલે કે રોહિત શર્માએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા બંગલામાં મળ્યા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ રોહિત શર્માને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા બદલ વ્યક્તિગત રીતે અભિનંદન પાઠવ્યા.

તેમણે હિટમેનની ૧૨ વર્ષથી વધુની શાનદાર ટેસ્ટ કારકિર્દીની પણ પ્રશંસા કરી. ફડણવીસે રોહિત સાથેની મુલાકાતની તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે. જોકે, આ બેઠક પછી અનેક પ્રકારની ચર્ચાઓ પણ શરૂ થઈ. રોહિત શર્માના રાજકારણમાં પ્રવેશ અંગે પણ ચર્ચા થઈ રહી છે.

આ પોસ્ટ પર ઘણા યુઝર્સે અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી. એક યુઝરે લખ્યું કે તેઓ મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી હશે. તે જ સમયે, એક યુઝરે લખ્યું – એવું લાગે છે કે તે રાજકારણમાં જોડાવા જઈ રહ્યો છે.

એક યુઝરે એમ પણ લખ્યું કે રોહિત ભાવિ વડાપ્રધાન છે.મહારાષ્ટ્રના સીએમ ફડણવીસે લખ્યું- મારા સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે ભારતીય ક્રિકેટર રોહિત શર્માનું સ્વાગત કરવું, તેમને મળવાનું અને તેમની સાથે વાત કરવાનું ખૂબ જ સારું લાગ્યું. હું તેમને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ માટે શુભકામનાઓ પાઠવું છું અને તેમની સફરના આગામી પ્રકરણમાં સતત સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવું છું.

તમને જણાવી દઈએ કે ૭ મેના રોજ, ૩૮ વર્ષીય રોહિતે રનિવૃત્તિની જાહેરાત કરી હતી. ગયા વર્ષે ૨૦ૈ માંથી નિવૃત્તિ લીધા પછી, રોહિત ભારત માટે ફક્ત ૈ઼ૈ માં સક્રિય ક્રિકેટર રહેશે. રોહિતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું – બધાને નમસ્તે, હું ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું, સફેદ બોલ અને જર્સીમાં મારા દેશનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે સન્માનની વાત છે. વર્ષોથી મળેલા પ્રેમ અને સમર્થન બદલ આભાર. હું ૈ઼ૈ ફોર્મેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતો રહીશ.

---

૧૪૮ બાંગ્લાદેશીઓને જોધપુર એયરબેસ લાવવામાં આવ્યા

# કેન્દ્ર સરકારે દેશમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને પાછા મોકલવા માટે એક ઝુંબેશ શરૂ કરી

**પહેલા તેમને જોધપુર લાવવામાં આવ્યા, પછી ત્યાંથી તેમને વિમાન દ્વારા પશ્ચિમ બંગાળ મોકલવામાં આવી રહ્યા છે**

। (એજન્સી) જોધપુર, તા.૧૪ ।

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, કેન્દ્ર સરકારે દેશમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને પાછા મોકલવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. આ અંતર્ગત, રાજસ્થાનના ૧૭ જિલ્લાઓમાંથી ૧૦૦૮ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને પકડવામાં આવ્યા છે. આમાંથી, ફક્ત જયપુર રેન્જમાં જ ૭૬૧ બાંગ્લાદેશીઓ છે.

સીકરમાં સૌથી વધુ ૩૯૪ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ પકડાયા છે. દસ્તાવેજોની તપાસ કર્યા પછી, બુધવારે સીકરથી ૧૪૮ બાંગ્લાદેશી નાગરિકોનો પહેલો જથ્થો મોકલવામાં આવી રહ્યો છે. પહેલા તેમને જોધપુર લાવવામાં આવ્યા, પછી ત્યાંથી તેમને વિમાન દ્વારા પશ્ચિમ બંગાળ મોકલવામાં આવી રહ્યા છે. ત્યાં BSF તેમને બાંગ્લાદેશ મોકલી દેશે. પહેલગામ આતંકવાદી હુમલા પછી, કેન્દ્ર સરકારે દેશભરમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરીને તેમને દેશમાંથી હાંકી કાઢવા માટે એક અભિયાન શરૂ કર્યું છે, જે અંતર્ગત ૧૪૮ બાંગ્લાદેશી નાગરિકોને દેશનિકાલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જે અંતર્ગત આ તમામ બાંગ્લાદેશી રહેવાસીઓને જોધપુર એરબેઝ લાવવામાં આવ્યા હતા.

સરકારના આદેશ બાદ, જયપુર રેન્જ સહિત તમામ જિલ્લાઓમાં એસપીની દેખરેખ હેઠળ ટેકનિકલ અને સાયબર સેલ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમોએ બાંગ્લાદેશીઓને પકડ્યા છે. દસ્તાવેજો, કોલ ડિટેલ્સ અને ટ્રાન્ઝેક્શન ડિટેલ્સના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આને ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓના પ્રથમ જૂથના પ્રસ્થાન તરીકે જોવામાં આવી રહ્યું છે.

---



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નેવી ચીફ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી અને ચીફ ઓફ એર સ્ટાફ એર ચીફ માર્શલ એપી સિંહ સાથે નવી દિલ્હીમાં એક બેઠક દરમિયાન.

---

# શોપિયાના જંગલમાંથી મોટા પ્રમાણમાં હથિયારો-દારૂગોળો મળી આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૪ ।

ઓપરેશન કેલર હેઠળ જમ્મુ-કાશ્મીરમાં શોપિયા જિલ્લાના કેલરમાં સ્થિત શુકરુ જંગલ વિસ્તારમાંથી સુરક્ષાદળોને મોટાપ્રમાણમાં દારૂગોળો અને હથિયારો મળી આવ્યા છે. ઓપરેશન કેલર હેઠળ સુરક્ષાદળોએ ગઈકાલે લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતાં. ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યા પ્રમાણે, ગઈકાલે ત્રણ આતંકવાદીઓના એક્રાઉન્ટર બાદ કેલરના જંગલ વિસ્તારોમાં મોટાપાયે સર્ચ ઓપરેશ હાથ ધરાયુ હતું. આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમીના પગલે ઓપરેશન કેલર હાથ ધરાયુ છે. જેમાં શુકરૂ જંગલ વિસ્તારમાંથી મોટાપાયે હથિયારો અને વિસ્ફોટક જથ્થો મળી આવ્યો છે. સ્થાનિક પોલીસ, CRPF, ભારતીય સેના, ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા હાથ ધરાયેલું આ સંયુક્ત ઓપરેશન હજુ ચાલુ છે. પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતીય સેના, સ્થાનિક પોલીસ અને સુરક્ષાદળોની ટીમ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને શોધી રહી છે. આ હુમલામાં સામેલ આતંકવાદીઓના પોસ્ટર્સ ઠેરઠેર લગાવવામાં આવ્યા છે. તેમજ તેમની બાતમી આપનારાઓ માટે રૂ. ૨૦ લાખનું ઈનામ પણ જાહેર કર્યું છે.

---

# યુપીમાં ઓપરેશન સિંદૂર પર અફવાઓ અને રાષ્ટ્ર વિરોધી પોસ્ટ ફેલાવનારાઓ સામે કાર્યવાહી

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશ પોલીસે મંગળવારે સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી પોસ્ટ પોસ્ટ કરવા અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભ્રામક પોસ્ટ પોસ્ટ કરીને અફવાઓ ફેલાવવા બદલ ૪૦ અલગ અલગ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરી અને FIR નોંધી અને ૨૫ લોકોની ધરપકડ કરી. એક તરફ, ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનને તેની જ ભાષામાં પાઠ ભણાવ્યો છે. તેના આતંકવાદી અને લશ્કરી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો. બીજી તરફ, ઉત્તર પ્રદેશમાં રહેતા કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર આ કામગીરી અંગે ભ્રમ ફેલાવ્યો અને દેશ વિરોધી સામગ્રી પોસ્ટ કરી. જે બાદ પોલીસ એક્શનમાં આવી. ઉત્તર પ્રદેશ પોલીસે મંગળવારે સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી પોસ્ટ પોસ્ટ કરવા અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભ્રામક પોસ્ટ પોસ્ટ કરીને અફવાઓ ફેલાવવા બદલ ૪૦ અલગ અલગ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરી અને FIR નોંધી અને ૨૫ લોકોની ધરપકડ કરી. પોલીસ મુખ્યાલય ખાતે સ્થિત સોશિયલ મીડિયા સેન્ટરની એક ખાસ ટીમ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રાષ્ટ્રવિરોધી, ભ્રામક અને અફવાઓ ફેલાવતા હેન્ડલ પર ૨૪૬૭ નજર રાખી રહી છે. યુપીના ડીજીપી પ્રશાંત કુમારે જનતાને અપીલ કરી છે કે હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને, કોઈએ પણ સોશિયલ મીડિયા પર એવી કોઈ સામગ્રી પોસ્ટ ન કરવી જોઈએ જે તથ્યોની ચકાસણી કર્યા વિના સમાજમાં અફવાઓ ફેલાવી શકે, લોકોમાં ભય પેદા કરી શકે અને ભારતીય સેનાની પ્રતિષ્ઠાને પ્રતિકૂળ અસર કરી શકે. કોઈપણ માહિતી, ઘટના, ફોટો કે વિડિયો ઉત્તર પ્રદેશ પોલીસના ફેક્ટ ચેક એક્સ (ટ્વિટર) એકાઉન્ટ @UPPViralCheck પરથી ચકાસી શકાય છે. સોશિયલ મીડિયા પર ભ્રામક, ખોટી અને રાષ્ટ્ર વિરોધી સામગ્રી, ફોટા, વીડિયો પોસ્ટ અને શેર કરવા એ સજાપાત્ર ગુનો છે. love_u_zindagi_00, રોઝાનઅલી (ઈન્સ્ટાગ્રામ), સાજિદ અલી (ફેસબુક), અંકિત કુમાર (ઈન્સ્ટાગ્રામ), પરવિંદા (ફેસબુક), વગેરે. ભૈયા આઈડી મિનિમમ કેટેસિયસના નામે બનાવવામાં આવ્યું છે. (ફેસબુક), સાદિક__999d (ઈન્સ્ટાગ્રામ), ક્રિશ યાદવ (ઈન્સ્ટાગ્રામ), શ્રાન ચૌધરી (ઈન્સ્ટાગ્રામ), પ્રજ્ઞા શિવા વર્મા (ઈન્સ્ટાગ્રામ), સોનમસિંહ૯૪૦૬૮ (ઈન્સ્ટાગ્રામ), લેખક__અભી_47 (ઈન્સ્ટાગ્રામ), up_83_aps (ઈન્સ્ટાગ્રામ), રિંકી સિંહ A693_aps રીંકી સિંહ બેગ (ફેસબુક), જમાત અલી (ફેસબુક), સરતાજ મલિક (ફેસબુક), મોહમ્મદ રિયાઝ (ફેસબુક), વિકી ખાન (ફેસબુક), કુરેશી સાહબ (ઈન્સ્ટાગ્રામ), સદામ હસન (ફેસબુક), અલી અહમદદ્રેશી (ફેસબુક), શાનુ ખાન (ફેસબુક), ઝીશાન કુરેશી (ફેસબુક), છોટા ઈમરાન ખાન (ફેસબુક), ચોટા ઈમરાન ખાન (ફેસબુક), મોહમ્મદ ખાન (ફેસબુક) (ફેસબુક), અફસર અલી ઘોસી (ફેસબુક), રીહાન અલવિશાબ (ઈન્સ્ટાગ્રામ), શાદાબ ખાન એફબી (ફેસબુક), કામિલ ખાન (ફેસબુક), મોદ ખાન (ફેસબુક), અકીલ ખાન (ફેસબુક), ali.baba_295 (ઈન્સ્ટાગ્રામ), અનીશ ખાન (ફેસબુક), મોહમ્મદ ઝૈદ (ઈન્સ્ટાગ્રામ), રહીસ અહેમદ (ઈન્સ્ટાગ્રામ), સાજીદ ખાન (ફેસબુક), હુબ્બુલા સંશોધક (ફેસબુક).

---

છાત્રો ભણશે જવાનોની વીરગાથા

# રાજસ્થાનની સ્કૂલ કોલેજોમાં ઓપરેશન સિંદૂરના પાઠ્યક્રમનો ભાગ બનશે

**આમાં વિદ્યાર્થીઓને દેશપ્રેમ જગાડવા માટે ભારતીય સેનાના સાહસ અને ઓપરેશન સિંદૂરમાં કરેલી કામગીરી વિશે જણાવવામાં આવશે**

। (એજન્સી) રાજસ્થાન, તા.૧૪ ।

ભારત દ્વારા પાકિસ્તાનને આપેલા મક્કમ જવાબની વાર્તા હવે રાજસ્થાનની સ્કૂલ અને કોલેજોમાં ભણાવવામાં આવશે. એટલે કે, ઓપરેશન સિંદૂર વિશેના પાઠ્યક્રમનો ભાગ બનશે. આમાં વિદ્યાર્થીઓને દેશપ્રેમ જગાડવા માટે ભારતીય સેનાના સાહસ અને ઓપરેશન સિંદૂરમાં કરેલી કામગીરી વિશે જણાવવામાં આવશે.

આ વખતે વિદ્યાર્થીઓના પાઠ્યક્રમમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. પ્રથમ તબક્કામાં આ સત્રથી ધોરણ ૧ થી ૫ સુધીનો આખો પાઠ્યક્રમ અપગ્રેડ કરવામાં આવશે. બીજા અને ત્રીજા તબક્કામાં ધોરણ ૬ થી ૧૨ સુધીનો પાઠ્યક્રમ બદલાશે. આ રીતે સરકાર નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલી પાઠ્યક્રમમાં ફેરફાર અને અપગ્રેડેશન કરી રહી છે. ઓપરેશન સિંદૂરને પાઠ્યક્રમમાં સામેલ કરનાર રાજસ્થાન પહેલું રાજ્ય બનશે.

રાષ્ટ્રીય શિક્ષા નીતિ અનુસાર આ સત્રથી સ્કૂલી પાઠ્યક્રમમાં ફેરફાર કરવાની તૈયારી છે. આ રીતે યુવા પેઢીને ભારતીય સેનાના અદમ્ય સાહસથી પરિચિત કરવા માટે આ ગૌરવગાથાને પાઠ્યક્રમમાં સામેલ કરવામાં આવશે. નિષ્ણાત કમિટીઓ સાથે ચર્ચા કરીને વિભાગીય સ્તરે આને પાઠ્યક્રમનો ભાગ બનાવવામાં આવશે. આ ઉપરાંત સ્કૂલી બાળકો માટે એક પુસ્તકનું નામ 'સિંદૂર' રાખવામાં આવશે. રાજસ્થાન શિક્ષા બોર્ડના સચિવ કૈલાશ ચંદ શર્માએ જણાવ્યું કે કમિટી દ્વારા ઓપરેશન 'સિંદૂર'ને સામેલ કરવા માટે ભલામણ મુજબ પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે નવા સત્રથી પાઠ્યક્રમ અપગ્રેડ કરવાની તૈયારી છે, તો 'ઓપરેશન સિંદૂર'ને કેવી રીતે છોડી શકાય. એજ્યુકેશન નિષ્ણાત સુરેન્દ્ર સૈનીએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર ભારતની સેનાના સાહસનું પ્રતિક છે. આ ઓપરેશન દ્વારા ભારતે સાબિત કર્યું છે કે જો કોઈ ભારતને નુકસાન પહોંચાડશે તો ભારતની સેના તેને છોડશે નહીં. ઓપરેશન સિંદૂર ભારતના પ્રતિક વ્યક્તિ માટે ગૌરવની વાત છે. આવનારી પરીક્ષાઓમાં આ સાથે જોડાયેલા પ્રશ્નો આવી શકે છે.

# તંત્રી લેખ...

## અમેરિકાના ૭.૬ અબજ ડોલરના સામાન પર વળતો ટેરિફ નાંખવા ભારતની ચેતવણી

ભારતે ઈંગ્લેન્ડ સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા પછી હવે અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર સોદા માટે વાટાઘાટો શરૂ કરી છે. આવા સમયે એક નવી તંગદિલી ઊભી થઈ છે. ભારતે ડબલ્યુટીઓને અમેરિકાથી આયાત થતા ૭.૬ અબજ ડોલરના મૂલ્યના સામાન પર ટેરિફ નાંખવાની ચેતવણી આપી છે. અમેરિકાએ ભારતના સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ નાંખવાના જવાબમાં ભારતે આગામી ૩૦ દિવસના સમયમાં આ રેસિપ્રોકલ ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળની શરૂઆત સાથે જ દુનિયાના દેશો પર ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું હતું. ટ્રમ્પે ભારતમાંથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી હતી. અમેરિકાના આ પગલાં સામે ભારતે વિશ્વ વેપાર સંગઠન (ડબલ્યુટીઓ)માં અપીલ કરી હતી. ભારતે ડબલ્યુટીએને પાઠવેલા એક સંદેશામાં કહ્યું છે કે તે ટેરિફના કારણે પોતાના વેપારને થયેલા નુકસાન જેટલો જવાબી ટેરિફ લગાવી શકે છે અને તેથી ભારત અમેરિકાના કેટલાક સામાન પર ટેરિફ વધારશે.ડબલ્યુટીઓ મુજબ અમેરિકન ટેરિફના કારણે ભારતના ૭.૬ અબજ ડોલરના સામાનની આયાત પર અસર થશે, જેનાથી ૧.૯૧ અબજ ડોલરનો ટેરિફ આવશે. તેના જવાબમાં જેવા સાથે તેવાની રણનીતિ અપનાવતા ભારતે અમેરિકાથી આયાત થતા કેટલાક સામાનો પર એટલો જ ટેરિફ નાંખવાનો પ્રસ્તાવ આપ્યો છે. આ નોટિસ મારફત ભારતે વૈશ્વિક વેપાર સંગઠનને કહ્યું કે, તે અમેરિકાના વિશેષ સામાનો ઉપર અપાતી છૂટને ખતમ કરી રહ્યા છે અને તેના ઉપર આયાત જકાત વધારશે. રિપોર્ટ મુજબ ભારત સફરજન, બદામ, અખરોટ, નાસપતિ, રસાયણ સહિત ૨૯ વસ્તુઓ પર આયાત જકાત વધારી શકે છે.

## વ્યક્તિઓનો હાથ પકડીને સાચું સશક્તીકરણ શક્ય છેઃ ઉપરાષ્ટ્રપતિ



ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે આજે કહ્યું હતું કે, ''મફત ભેટો આપવી, દાન આપવું અને કોઈના ખિસ્સા ભરવા એ સાચું સશક્તીકરણ નથી. સાચું સશક્તીકરણ એ છે જ્યારે તમે તે વ્યક્તિનો હાથ પકડીને તેમને સશક્ત બનાવો છો. તે ખુશી, સંતોષ, આંતરિક શક્તિ લાવે છે અને તમને તમારા પરિવારો પર ગર્વ પણ કરાવે છે.''

આજે નવી દિલ્હીમાં ગારો હિલ્સ, ખાસી હિલ્સ અને જયંતિયા હિલ્સ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતા મેઘાલયના સ્વ-સહાય જૂથો (SHGs)ના સભ્યોને સંબોધતા શ્રી ધનખરે કહ્યું, ''આપણા દેશનો ઉત્તર-પૂર્વ ભાગ આપણું રત્ન છે. ૯૦ના દાયકામાં, એટલે કે લગભગ ત્રણ દાયકા પહેલા, ભારત સરકારની એક નીતિ હતી અને તે નીતિ 'પૂર્વ તરફ જુઓ' હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ નીતિને એક વધારાનો પરિમાણ આપ્યો - 'પૂર્વ તરફ જુઓ' થી 'પૂર્વ તરફ કાર્ય કરો' સુધી. અને આ કાર્યવાહી ખૂબ જ અસરકારક રીતે કરવામાં આવી છે. હું તમને જણાવી દઉં કે મેઘાલય પ્રવાસીઓ માટે સ્વર્ગ છે. કુદરતની એક ઉમદા ભેટ.''

'પૂર્વ તરફ જુઓ, પૂર્વ તરફ આગળ વધો' નીતિ હેઠળ થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે મેઘાલયમાં પ્રવાસન, ખાણકામ, આઈટી અને સેવાઓના ક્ષેત્રોમાં અપાર સંભાવનાઓ છે. તેમણે આર્થિક વિકાસ અને મહિલા સશક્તીક-રણમાં રાજ્યની સિદ્ધિઓની પ્રશંસા કરી અને તેનો શ્રેય કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે દૂરંદેશી નેતૃત્વને આપ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક દાયકાથી વધુ સમયથી શાસન સુધારા અને વિકાસની પ્રશંસા કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ''તે દૂરંદેશી નેતૃત્વ છે, જે અધિકારીઓને યોગ્ય દિશામાં કામ કરવા માટે પ્રેરિત કરે છે. સદભાગ્યે છેલ્લા એક દાયકાથી આપણા દેશમાં આવું થઈ રહ્યું છે અને તમારા રાજ્યમાં પણ આવું થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, દેશે છેલ્લા એક દાયકામાં અર્થતંત્ર, માળખાગત સુવિધાઓ, ટેકનોલોજી અને મહિલા વિકાસ, મહિલા સશક્તીકરણના ક્ષેત્રમાં એવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે કે વિશ્વ તેમની ઈર્ષ્યા કરે છે. આપણી આદિવાસી સંસ્કૃતિ ભવ્ય છે; આપણી આદિવાસી સંસ્કૃતિ આપણી સંપત્તિ છે.''

રાજ્યની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ''રાજ્યનું અર્થતંત્ર કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન (GSDP) દ્વારા નક્કી થાય છે. અને આ બાબતમાં મેઘાલય રાજ્યમાં ૧૩% નો વિકાસ નોંધાયો છે. વાર્ષિક ધોરણે ૧૩%નો વિકાસ ખૂબ જ પ્રશંસનીય છે. રાજ્યની અર્થવ્યવસ્થા સુધારવા માટે મુખ્યમંત્રીની પ્રતિબદ્ધતા બદલ અભિનંદન. અને હાલમાં, રાજ્યની અર્થવ્યવસ્થા ૬૬,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. મેઘાલય એક મોટું રાજ્ય છે. તે હૃદયસ્પર્શી છે, પરંતુ ભૌગોલિક રીતે એટલું મોટું નથી. પરંતુ તમારા અર્થતંત્રનું કદ સારું છે. તમે એક મહાન લક્ષ્ય નક્કી કર્યું છે. અને તમારું લક્ષ્ય ૨૦૨૮ સુધીમાં રાજ્યને $10 બિલિયનનું અર્થતંત્ર બનાવવાનું છે.'' સમાવિષ્ટ વિકાસના મહત્વ પર પ્રતિબિંબ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, ''રાજ્યમાં અપાર પ્રતિભા, પર્યટન, ખાણકામ, આઈટી, સેવા ક્ષેત્રમાં અપાર સંભાવનાઓ છે. પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે માનવ સંસાધનનું સંવર્ધન કરવું જોઈએ. માનવ સંસાધન સ્વતંત્ર હોવું જોઈએ. અને તે શ્રેણીમાં પણ, સામાજિક વિકાસ, આર્થિક વિકાસ સંતુલિત થાય છે જ્યારે મહિલાઓ આગળ આવે છે. હું ખૂબ જ ખુશ છું કે રિવોલ્વિંગ ફંડ અને સંખ્યા બંનેની દ્રષ્ટિએ દસ ગણો વધારો થયો છે.'' આ વાતચીત દરમિયાન મેઘાલયના મુખ્યમંત્રી શ્રી કોનરાડ સંગમા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રીકૃષ્ણ પરમ અવતાર છે, એટલે તેની ભક્તિ કરવાથી પરમ પ્રેમ રસ પ્રાપ્ત થાય છે**

# પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર! ભક્તિનો આ રસ ભક્તનાં માથે શ્રૃંગાર જેમ સજે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પોતાની વાત કરતા કવિ કહે છે કે મેં તો ગોપીઓનાનાથનો હાથ પકડી લીધો છે, હવે મને બીજી કોઈ વાત મીઠી લાગતી નથી. પોતાની જાત હવે જાણી ચુકી છે, કે આ પ્રેમની તોલે બીજું કંઈ આવી શકે નહીં,જતિ, એટલે જોગી કે સતીને,આ રસ દેખાય નહીં, અથવા તેવું થવું અહીં પાલવે તેમ નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ નરસિંહ જયંતિ ગઈ અને આપણે પ્રાર્થનાના ક્રમમાં નરસિંહની રચનાનો આસ્વાદ કરીએ છીએ. નરસિંહ પોતાની ભક્તિ થકી પરમાત્માને પામ્યા હતા અને ભક્તિ એટલે પ્રેમ અને એ પ્રેમ તત્વ જ સદા સૌને અજર અમર રાખનારુ તત્વ છે, તો આપણે પણ આ જડીબુટ્ટી સમાન પરમ પ્રેમ તત્વમાં વિશ્વાસ રાખી જીવન જીવીએ. જાગવા વિશે આપણે ચિંતન કરી રહ્યા છીએ, એટલે કે જાગવું એ કોને કહેવાય અને તેમાં શું કરવું જોઈએ, એ આપણે જીવનમાં કંઈક નાના-મોટા પ્રયોગ કરીને આ જીવન સાર્થક બનાવવાની કોશિશ કરી રહ્યા છીએ, ત્યારે આજે પણ નરસિંહ નું એક પદ પ્રેમનાં પિચ્છધર વિશે ચિંતન કરીશું.

નરસિંહ મહેતા
પ્રેમરસ પાને તું મોરનાં
પિચ્છધર !
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે;
દૂબળા ઢોરનું કુશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે.
પ્રેમરસપ

શ્રીકૃષ્ણ પરમ અવતાર છે, એટલે તેની ભક્તિ કરવાથી પરમ પ્રેમ રસ પ્રાપ્ત થાય છે, અને જેને પ્રેમનો આ પરમ રસ પ્રાપ્ત થાય છે, તેને તત્વનું એટલે કે દેહનું મહત્વ રહેતું નથી શરીર તેને તુચ્છ લાગવા લાગે છે.કામી અને ભોગી જે જીવને દુબળા ઢોરની જેમ સરખાવ્યા અને તેઓ ચતુરધા મુક્તિ વિશે જાણતા ન હોવાથી, તે ફરીફરીને ભોગની લાલસા માટે જન્મમૃત્યુના બંધનમાં પીસાય છે.જે સુખ ફક્ત ક્ષણિક છે તેની માટે ઉતમ રસને છોડી દે છે. જીવ બે સત્ય સાથે જોડાયેલો છે, એક તત્વ એટલે કે શરીર અને બીજું સત્વ એટલે આત્મા,એટલે પરમ પરમાત્મા રૂપી શ્રીકૃષ્ણને જે પ્રેમ કરે છે, તેને આ શરીરનું કોઈ બંધન નડતું નથી, અને તેને હવે દેહ પ્રત્યે કોઈ આસક્તિ રહેતી નથી. એ રીતે તત્વનું ટૂંપણું એટલે કંઈ જ્ઞાતિ, કંઈ અવસ્થા,ક્યા લીંગમાં છે, એટલે કે ઉચ્ચ જ્ઞાતિ કે અવસ્થામાં કે લીંગ એટલે સ્ત્રી કે પુરુષ એ વાતનું પ્રાધાન્ય નથી.બધામાં એજ પરમ કૃપાળુ પરમાત્મા વસે છે, અને આવું જોઈ શકે નહીં એણે ભક્તિ મુક્તિ રસને ચાખ્યો નથી એ બધાં દૂબળાં ઢોર જેવા છે.

પ્રેમની વાત પરીક્ષિત પ્રીછ્યો
નહિ,
શુકજીએ સમજી રસ સંતાડ્યો;
જ્ઞાન વૈરાગ્ય કરી, ગ્રંથ પૂરો કર્યો;
મુક્તિનો માર્ગ સૂધો દેખાડ્યો.
પ્રેમરસપ

શુકદેવજી જ્યારે પરીક્ષિતને શ્રાપ મુક્ત કરવા માટે થઈને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરી રહ્યા હતા, ત્યારે પરીક્ષિતે શ્રીકૃષ્ણના પ્રેમરસને જાણી શક્યો નહીં, અને શુકદેવજીએ પ્રેમરસ સંતાડીને એનો ભેદ એમનેમ રાખ્યો. જ્ઞાન વૈરાગ્યના જ બધા લક્ષણોનું વર્ણન કરીને મુક્તિનો માર્ગ દેખાડ્યો.કહેવાય છે કે સુખદેવજી ૧૬ વર્ષ સુધી પોતાની માતાના ગર્ભમાં રહ્યા હતા, અને સોળમે વર્ષે જન્મ થયો અને સીધા હરિભક્તિ કરવા માટે ચાલી નીકળ્યા. તેમને કૃષ્ણ તત્વને જાણ્યું,પુરા સંસારમાં તેને કૃષ્ણ સિવાય કોઈ જ દેખાતું ના હતું. એટલે કે સ્ત્રીઓ પણ જો નહાતી હોય અને શુકદેવજી પસાર થાય તો, આડુ વસ્ત્ર રાખતા નહીં. એટલું તેનું ધ્યાન પરમતત્વમાં જ હતું, બીજે ક્યાંય તેની નજર હતી જ નહિ, આટલી કક્ષાએ પરીક્ષિત જઈ શકે તેમ ન્હોતા. આથી તેમણે જ્ઞાન-વૈરાગ્યની વાતો કરીને તેમને શ્રાપમાંથી મુક્ત કરી મુક્તિ અપાવી.

મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને,
જ્ઞાની, વિજ્ઞાની, બહુ મુનિ રે
જોગી;
પ્રેમને જોગ તો વ્રજતણી ગોપિકા,
અવર વિરલા કોઈ ભક્ત ભોગી.
પ્રેમરસપ

ઈશ્વર ઘણાને તારીને મુક્તિ આપે, અને ઘણાને મારીને પણ મુક્તિ આપે, કોઈ તેના સંસારમાં પૂર્ણ જ્ઞાની, કોઈ વૈજ્ઞાનિક, અને કોઈ સંત મહાત્મા છે, પરંતુ પરમ પ્રેમ તત્વ તો વ્રજની ગોપી પામી ગઈ, અને કોઈક ભક્ત વિરલ છે, જે આ આ રસને જાણે છે. એટલે આપણા કર્મોને બાળવા તે આપણને મારીને મુક્તિ આપે,અને ક્યારેક સમયસર જાગૃત કરીને અવળા કર્મ કરતા બચાવીને પણ મુક્તિ આપે છે. સંસારમાં જુદીજુદી શ્રેણીના જીવો વસે છે, સત્વ રજસ અને તમસ એ ત્રણ ગુણને આધારે લોકોની શ્રેણી નક્કી થતી હોય છે. પરંતુ બધા અલગ અલગ સ્વરૂપનું અનુસંધાન કરીને જ્ઞાન વિજ્ઞાન તેમજ ધ્યાનસ્થ રહી, પરમાત્માને જાણવા માથે છે. પરંતુ ફક્ત ભક્ત એક જ એવો છે, જે સંસારની સાથે સાથે ભગવાનને પણ માણે છે, એટલે કે આ પરમ પ્રેમરસને જાણે છે.

પ્રેતને મુક્તિ તો પરમ વલ્લભ સદા,
હેતુના જીવ તે હેતુ તૂઠે;
જનમોજનમ લીલારસ ગાવતાં,
લહાણનાં વહાણ જેમ દ્વાર છૂટે.
પ્રેમરસપ

કૃષ્ણ ભક્તિ તો ભૂત પ્રેતની પણ મુક્તિ કરાવનાર છે, અથવા તો હેતુ વગર જે અહીંતહી ભટકી રહ્યાં છે, એટલે કે જીવતા માનવી પણ ક્યારેક ભૂત પ્રેતની જેમ ભટકતા હોય છે, તેમને કૃષ્ણ નામ રૂપી હેતુ મળી જાય, તે આ મુક્તિને પામે છે, અને જન્મોજન્મ શ્રીકૃષ્ણની લીલા રસનું ગાન કરે છે,ભોગી ને ભોગ દેખાય ત્યારે જેમ મોઢામાં લાળ છૂટે તેમ ભક્તને કૃષ્ણ નામ લેવામાં રસ આવે. કૃષ્ણ તત્વથી પરમ પ્રેમ પ્રગટે છે, તેનું સ્મરણ કરવાથી ભક્તને સદાય આનંદ આપે છે. એટલે કે જ્યાં ત્યાં રખડયા વગર નામ રૂપ કે પછી સ્વરૂપની ઝાંખી કરીને રત રહીએ તો ભોગીને ભોગ જેટલો આનંદ આવે છે, તેનાથી વધુ આનંદ કૃષ્ણ નામ લેવાથી,કે તેની લીલાનું ગાન કરવાથી આવે છે, અને મોઢામાં મધમીઠી લાળ ટપકતી હોય તેવું લાગે છે.

મેંગ્રહ્યોહાથગોપીનાથગરવાતણો,
વાત બીજી નવ લાગે મીઠી;
નરસૈંયો જાચે છે રીતિ-મતિ
પ્રેમની,
જતિ સતીને તો સપને ન આવે.
પ્રેમરસપ

પોતાની વાત કરતા કવિ કહે છે કે મેં તો ગોપીઓનાનાથનો હાથ પકડી લીધો છે, હવે મને બીજી કોઈ વાત મીઠી લાગતી નથી. પોતાની જાત હવે જાણી ચુકી છે, કે આ પ્રેમની તોલે બીજું કંઈ આવી શકે નહીં,જતિ, એટલે જોગી કે સતીને,આ રસ દેખાય નહીં, અથવા તેવું થવું અહીં પાલવે તેમ નથી, કારણ આપણે તો સંસારી અને એમાં પણ ભોગી.ગોકુળની ગોપીઓ પોતાના ઘરબાર અને સંસાર છોડીને ગોપીનાથના પ્રેમમાં જેમ અંધ બની હતી, અને તેના સિવાય તેને બીજું કંઈ જ દેખાતું ન્હોતું. તેમ નરસૈંયો પણ આ ગોપીનાથના પરમ પ્રેમમાં બીજું બધું જ ભૂલી ચૂક્યો છે, અને સંસારની આધિ વ્યાધિ ઉપાધિ બધું જ શ્રીકૃષ્ણનાં શરણે મૂકી, તેના પરમ પ્રેમમાં તલ્લીન રહે છે, જેમ રતી એટલે કે કામદેવની પત્ની પોતાના પતિને આકર્ષવા માટે જુદાજુદા નીત નવા રૂપ ધરે છે, તેમ નરસૈંયો પણ પોતાના ઈષ્ટને મનાવવા માટે જુદાજુદા ભાવ ધરીને તેની ભક્તિમાં તલ્લીન છે, તેને જોગી કે સતી થઈ અને આ પરમ પ્રેમરસને છોડવો નથી.

આપણે તો પૂર્ણ સંસારી છીએ, અને સંસારના વ્યવહારોને નામે આપણે કેટલું સાચું ખોટું કરતા હોઈએ છીએ, તે આપણી જાત કરતાં વધુ કોઈ જાણતું નથી. તો અંતેતો સંસારની સાથે વ્યવહાર પણ અહીંના અહીં જ રહી જવાના છે, એટલે એવા વહેવારો જ છોડી દેવા, જે આપણને આ પરમ તત્વથી દૂર લઈ જતા હોય, પ્રથમ અને અંતિમ સત્ય એજ છે, કે જન્મ લઈને આવનાર દરેકને અહીંથી જવાનું હોય છે, અને દરેકની અંદર એજ પરમ કૃપાળુ પરમાત્મા વસે છે, તો અન્યમા પણ તેની ઝાંખી કરવી, અને અહીંથી જતા પહેલા એ તત્વને સૌમાં મહેસૂસ કરી, અને આપણા વ્યવહારો કરવા. તો ઈશ્વર પણ આપણને ચતુરધા મુક્તિ આપવા વિવશ બને.દેહરૂપી તત્વનું ટૂપણું તુચ્છ બનાવીએ, એટલે કે સૌ પોતાના શરીરને ભૂલીને એ પરમ પ્રેમ રૂપી શ્રીકૃષ્ણના રૂપ, સ્વરૂપ, કે નામ જેમાં પણ રુચિ હોય, તે રીતે તેની ભક્તિમાં તલ્લીન થઈને આ રસને સૌ પ્રાપ્ત કરી શકે. એવી એક અનન્ય પ્રાર્થના, ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મન વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો**

# તમારા સારા કાર્યો તમારી ઓળખ છે, નહીં તો એક નામના હજારો નામ હોય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વૈરાગ્યની ઇચ્છાવાળા મુમુક્ષુ ભક્તે તીવ્ર ભક્તિ યોગથી પરમ પુરુષ પૂર્ણ પરમાત્માનું પૂજન કરવું. શુકદેવજી કહે, રાજન્, કોઇ પણ પ્રકારે મુક્તિ મેળવવી હોય, તો આરંભમાં ભોગનો ત્યાગકરવો પડશે.**

આપણે ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં હજુ જાણે ઘટાડો થયો નથી પીઓકે ખાલી કરે પાકિસ્તાન પછી બીજી મંત્રણા કોઈની મધ્યસ્થી સિવાય કરીશું. બસ આ રટણ આપણું છે નફટ પાકિસ્તાન તરફથી હકારાત્મક અભિગમ અપનાવવામાં આવશે તેવું તમને લાગે છે કે આવા રાજકીય સ્ટંટ ચાલુ જ રહેશે બાકી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ કે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ. તે એક થાય તો સમજવું કે,ધ્યાન અને દર્શનમાં એકતાનતા થઈ. એક્તાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી.

લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન.વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય,ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાત ચીતમાં તેઓનું ધ્યાન સતત માથા ઉપર નાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો.ખાંડ ની પૂતળી સાગરનું ઊંડાણપામવા ગઈ.તે સાગરમાં વિલીન થઈ ગઈ. પાછી ન જ આવી.તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમ જેમ મન ધ્યાન કરે છે, તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે. પછી જીવમાં જીવપણું રહેતું નથી. ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો આરંભ ભલે દ્વૈતથી થાય,પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે.ભક્ત અને ભગવાન જુદા રહી શકતા નથી. જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે.જે બ્રહ્મરસમાં ડૂબી ગયો, જે બ્રહ્મરૂપ થયો તે પછી પરમાત્માનારસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખ નિવૃત્તિ તો થાય છે, પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છે કે, હું મારા ભગવાનનો અંશ છું,હું મારા ભગવાનની ગોપી છું,મારે પરમાત્મા સાથે એક થવું નથી. મારે પરમાત્માની સેવા કરવી છે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગો લોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાન ને આનંદ થાય છે કે, મારો અંશ મને મળવા આવ્યો ભક્તિ કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે, કીર્તન કરવા માં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી.જીવ ઈશ્વરથી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે.વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વર થી થોડો અલગ રહે તેમ ઈચ્છે છે ઈયળ ભમરીનું ચિંતન કરતાંકરતાં ભમરીરૂપ બની જાય છે, તે જ પ્રમાણે જીવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કેવલ્ય મુક્તિ,પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે.જે વ્યાપક બ્રહ્મ માં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી,તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપ નો રસાનુભાવ કરી શકતો નથી. માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં કૃતાર્થતા અનુભવે છે. આ બંને સિદ્ધાંતો સત્ય છે.ખંડન મંડનની ભાંજગડ માં પડશો નહીં. ગૌરાંગ પ્રભુ પણ ભેદાભેદ ભાવમાં માને છે લીલામાં ભેદ માને છે,પરંતુ તત્ત્વ દૃષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મભેદ છે. એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દૃષ્ટાંત આપ્યું છે. અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન- સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમાં તન્મય રહે છે કે,હું સીતા છું. તેમને થાય છે કે,હું જ રામ છું.આ કૈવલ્ય મુક્તિ. તેમણે એકવાર ત્રિજટાને કહ્યું કે,ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે, એમ રામજીનું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ? તો પછી રામજી ની સેવા કોણ કરશે? પછી જગત માં રામ સીતાની જોડી નહીં રહે. સીતાજીને રામરૂપ થવું નથી. તેમને તો રામજીની ચિંતા છે. સીતા થઈ રામજીની સેવા કરવા માં જે આનંદ છે,તે રામરૂપ થવા માં નથી,તેમને રામ થવામાં આનંદ નથી.

ત્યારે ત્રિજટા કહે છે, ચિંતા ન કરો! પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાં કરતાં સીતા રૂપ થશે.રામ સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે.

વૈષ્ણવ આચાર્યો પહેલા દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેઓ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપીભાવે ભજી શકાય.કહે છે મારે શ્રીકૃષ્ણ થવું નથી,મારે તો ગોપી થઈ શ્રી કૃષ્ણની સેવા કરવી છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે. આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તો ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ. વિચારપ્રધાન મનુષ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે. ભાવના પ્રધાન મનુષ્યો જેનું હૃદય કોમળ છે,દ્રવે છે તેવા મનુષ્યો ભક્તિમાર્ગ પસંદ કરે છે. ઈશ્વરથી વિભક્ત ન થાય તેનું નામ ભક્તિ.સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિશૂન્ય પુરુષોનાં સાધન નિષ્ફળ જાય છે.

ભાગવતમાં જ્યાં જ્યાં ભક્તિ શબ્દ વપરાયેલો છે,ત્યાં તીવ્ર શબ્દ પણ સાથે વપરાયેલો છે. ભક્તિ તીવ્ર જોઈએ.તીવ્રતા વગર ની સાધારણ ભક્તિ ન ચાલે.

વૈરાગ્યની ઈચ્છાવાળા મુમુક્ષુ ભક્તે તીવ્ર ભક્તિ યોગથી પરમ પુરુષ પૂર્ણ પરમાત્માનું પૂજન કરવું. શુકદેવજી કહે, રાજન્, કોઈ પણ પ્રકારે મુક્તિ મેળવવી હોય, તો આરંભમાં ભોગનો ત્યાગકરવો પડશે.ભોગી જ્ઞાન માર્ગમાં કે ભક્તિ માર્ગમાં આગળ વધીશકશે નહીં.ભોગ ભક્તિમાં બાધક છે. ભોગ જ્ઞાનમાં પણ બાધક છે. ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંત ગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે.છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળેછે મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે મનુષ્યે બુદ્ધિ પૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે,ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી,ત્યાગથી શાંતિ મળે છે.રાજા આજ સુધી તે અનેક ભોગ ભોગવ્યા છે.હવે તારી એક-એક ઈન્દ્રિયને તું ભક્તિ રસનું દાન કર. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર.

રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે,તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું ધ્યાન કર.

ધીરે ધીરે સંયમને વધાર. સતત શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે.ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે. રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવાનો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસએ જ નરકવાસ છે.કર્મ અને વાસના લઈ ને જીવજન્મે છે, તેનો ગર્ભ વાસએ નરકવાસ છે.આ દેહાભિ માન જ મિથ્યા છે. શુકદેવજી જનકરાજાના દરબારમાં જનક રાજા પાસે વિદ્યા શીખવા ગયા હતા. વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું,મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે,મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ શુકદેવજી નિરુપયોગી વસ્તુ ની શોધમાં નીકળ્યા. પ્રથમ માટી ઊંચકી માટી કહે મારા ઘણા ઉપયોગ છે. પથ્થર ઊંચક્યો.તો પથ્થર કહે,મારા ઘણા ઉપયોગ છે આ પ્રમાણે જે વસ્તુને ઉપાડે તે ઉપયોગી જણાય.અંતે થાકીને વિષ્ટા ઉપાડી.વિષ્ટા કહે, હું અન્ન રૂપે મનુષ્યના પેટમાં ગઈ,તો આમ વિષ્ટા બની! છતાં હું નિરુપયોગી નથી.વિચાર કરતાં શુકદેવજીને લાગ્યું કે, આ દેહાભિમાન જ નિરુપયોગી છે. ત્યારે શુકદેવજી જનક રાજાને કહ્યું મારું દેહાભિ માન ગુરુ દક્ષિણામાં અર્પણ કરું છું.

શુકદેવજીને દેહભાન નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું. પાછળથી બીજા સ્કંધના ચોથા અધ્યાયમાં બારમા શ્લોકથી મંગલાચરણ કર્યુ છે.

સાધકને કથા માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ સિદ્ધ પુરુષો ને ય કથા સાંભળવાની જરૂર પડે છે.બીજા સ્કંધમાં પહેલા ત્રણ અધ્યાયમાં ભાગવત નો સઘળો સાર આવી ગયો. રાજાને જે ઉપદેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે. પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન વિષય તરફ ફરીથી ન જાય તેવું માટે ચરિત્રો કહે છે. શુકદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે, જે ભક્ત વત્સલ ભગવાનની છાયાયે ભક્તિહીન હઠયોગી ઓ પામતા નથી,જે પરમ ઐશ્વર્ય યુક્ત છે, અદ્વિતીય છે, જે નિરંતર તેજ બ્રહ્મધામમાં વિહરે છે, તે શ્રી કૃષ્ણને નમો નમસ્તે પ્રેમમાં પક્ષ પાત આવી જાય છે.શ્રી રાધાજી શ્રી શુકદેવ જીના ગુરુ છે, રાધાજીએ શુકદેવ જીને બ્રહ્મ સંબંધ કરાવી આપ્યો હતો એટલે શુકદેવજી રાધાકૃષ્ણ ને બે વાર નમસ્કાર કરે છે. શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા રાતદિવસ લીલા નિકુંજમાં 'હે રાધે, હે રાધે' નામનો સતત જપ કરતા હતા. શુકદેવજી શ્રી રાધાના શિષ્ય છે. ભાગવતમાં એટલે તો રાધાજીના નામનો પ્રગટ ઉલ્લેખ નથી. કારણ ગુરુનું નામ પ્રગટ રૂપે ન લેવાની શાસ્ત્રની મર્યાદા છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગુરૂવારે રાજકીય વાતો તરફ ધ્યાન ન આપી ભગવદ્દીતા જ્ઞાનમાં મસ્ત બની રહો તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

પ્રતીકે તેની ગર્લફ્રેન્ડ પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા છે

# મેં મારી માતાની લાગણીની કદર કરી, લગ્નમાં પિતાને ન બોલાવ્યા : પ્રતિક બબ્બર

## પ્રતિક અને પ્રિયાના લગ્ન ૧૪ ફેબ્રુઆરીએ મુંબઈમાં થયા હતા, પ્રતીકે જણાવ્યું કે તેના લગ્ન તેની માતા સ્મિતા પાટિલના ઘરે થયા હતા



પ્રતિક બબ્બરે આ વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા હતા. પ્રતીકે તેના પિતા રાજ બબ્બરને તેના લગ્નમાં આમંત્રણ આપ્યું ન હતું. જેના માટે તેમણે કારણ આપ્યું છે અને કહ્યું કે મેં મારી માતાની લાગણીની કદર કરી છે.પ્રતિક સ્મિતા પાટીલે આ વર્ષે લગ્ન કર્યા. પ્રતીકે તેની ગર્લફ્રેન્ડ પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા છે.

પ્રતીક અને પ્રિયાના લગ્ન સાદગીથી થયા. તેમના લગ્નમાં કેટલાક ખાસ લોકો હાજર રહ્યા હતા. પરંતુ પ્રતીકે તેના પિતા રાજ બબ્બરને લગ્નમાં આમંત્રણ આપ્યું ન હતું. હવે પ્રતીકે ખુલાસો કર્યો છે કે તેણે તેના પિતાને ફોન કેમ ન કર્યો અને હવે તેને તેના નિર્ણય પર પસ્તાવો થાય છે.પ્રતીકે તેના પિતા રાજ બબ્બરને લગ્નમાં આમંત્રણ ન આપવાના નિર્ણય વિશે વાત કરી. પ્રતિક અને પ્રિયાના લગ્ન ૧૪ ફેબ્રુઆરીએ મુંબઈમાં થયા હતા.પ્રતીકે જણાવ્યું કે તેના લગ્ન તેની માતા સ્મિતા પાટિલના ઘરે થયા હતા. પોતાની માતા અને સાવકી માતા નાદિરા બબ્બર વચ્ચેના ભૂતકાળને ધ્યાનમાં લેતા, તેણે પોતાના પિતા અને પરિવારને પોતાની માતાના ઘરે સામેલ કરવાનું યોગ્ય માન્યું નહીં. પ્રતીકે કહ્યું - ભૂતકાળમાં મારા પિતાની પત્ની અને મારી માતા વચ્ચે સમસ્યાઓ હતી, પ્રેસમાં ઘણી બધી વાતો કહેવામાં આવી છે અને જો તમે ૩૮-૪૦ વર્ષ પહેલાની વાતો જોશો તો તમને આવી વાતો ખબર પડશે. હું મારા પપ્પા અને તેમના પરિવાર સાથે બીજા ઉજવણીમાં કંઈક કરવા તૈયાર હતો.

મને લાગ્યું કે તેના અને તેના પરિવાર વચ્ચે બધું જ સમાપ્ત થઈ ગયા પછી તે અને તેના પરિવાર માટે તે ઘરમાં રહેવું યોગ્ય નથી. અલબત્ત, તે યોગ્ય નહોતું. અમે જે કરવાનું યોગ્ય હતું તે કર્યું અને પછી, જો હવે સંજોગો અલગ છે, તો બધું ખોટું થયું છે અને તે ખૂબ જ જટિલ છે. પણ એ મારા માટે નથી. હું હજુ પણ એવો જ છું.પ્રતીકે કહ્યું- વાત કોઈને નકારવાની નહોતી. તે મારી માતા અને તેમની ઈચ્છાઓનો આદર કરવા વિશે હતું. મને દુઃખ છે કે મારા પિતા અને તેમની પત્ની ત્યાં ન રહી શક્યા, મારી માતાએ મારા માટે ખરીદેલા ઘરમાં ન રહી શક્યા જેથી હું મોટો થઈ શકું અને એકલી માતા તરીકે મારું જીવન જીવી શકું.

# સનમ તેરી કસમ ૨માં જો માવરા હશે તો હું નહીં: હર્ષવર્ધન રાણે



## દિગ્દર્શકો રાધિકા રાવ અને વિનયે 'સનમ તેરી કસમ ૨'માંથી પાકિસ્તાની અભિનેત્રી માવરા હોકેનની હકાલપટ્ટીની પુષ્ટિ કરી છે



ફિલ્મ 'સનમ તેરી કસમ ૨' ના અભિનેતા હર્ષવર્ધન રાણેની કડક 'ચેતવણી' પછી, ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મની સિક્વલ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાની અભિનેત્રી આગામી ફિલ્મનો ભાગ નહીં હોય.દિગ્દર્શકો રાધિકા રાવ અને વિનયે 'સનમ તેરી કસમ ૨'માંથી પાકિસ્તાની અભિનેત્રી માવરા હોકેનની હકાલપટ્ટીની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે પહેલગામમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી હુમલાઓ સામે ભારતમાં કામ કરતા પાકિસ્તાની કલાકારોનું મૌન અત્યંત ચિંતાજનક છે. ભારત વિરુદ્ધ તેમની ટિપ્પણીઓ ખોટી છે અને તેની નિંદા થવી જોઈએ.નિર્માતાઓએ કહ્યું, "આતંકવાદની સ્પષ્ટ નિંદા થવી જોઈએ. ભારતમાં કામ કરતા કેટલાક કલાકારો આ મુદ્દા પર ચૂપ રહ્યા તે નિરાશાજનક છે. તેમને અહીંથી ઘણો પ્રેમ, આદર અને મોટી તકો મળી, છતાં તેમણે ભારત વિરુદ્ધ આવા આતંકવાદી કૃત્યો વિશે કંઈ કહ્યું નહીં. અમે અમારા દેશ અને સરકાર સાથે ઉભા છીએ અને તેમના નિર્ણયને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. દેશ પહેલા આવે છે અને હંમેશા રહેશે. આ પહેલા હર્ષવર્ધન રાણેએ પણ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી અને સ્પષ્ટતા કરી હતી કે જો ફિલ્મમાં પાકિસ્તાની કલાકારો હશે તો તે તેનો ભાગ નહીં બને અને સીધા જ 'ના' કહેશે.

હર્ષવર્ધને 'સનમ તેરી કસમ ૨' માટે લખ્યું, "હું આ અનુભવ માટે આભારી છું, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોયા પછી અને મારુ દેશ વિશે કરવામાં આવેલી ટિપ્પણીઓ વાંચ્યા પછી, મેં નક્કી કર્યું છે કે જો જૂની કાસ્ટ ફરીથી ફિલ્મમાં જોડાવા જઈ રહી છે, તો હું 'સનમ તેરી કસમ' ભાગ ૨ નો ભાગ બનવાનો ઈનકાર કરીશ.

# બજરંગી ભાઈજાન-ટુમાંથી નવાઝુદ્દિન સિદ્દિકીની બાદબાકી



સલમાન ખાનની 'બજરંગી ભાઈજાન' ફિલ્મનો બીજો ભાગ બની રહ્યો છે પરંતુ તેમાં નવાઝુદ્દિન સિદ્દિકીની બાદબાકી થઈ હોવાના સંકેત છે. ખુદ નવાઝુદ્દિન સિદ્દિકીએ કબૂલ્યું છે કે બીજા ભાગ માટે તેને હજુ સુધી કોઈ ઓફર આવી નથી. નવાઝે એક વાતચીતમાં કહ્યું હતું કે આ ફિલ્મનો બીજો ભાગ બનવાનો છે તેવી પણ તેને ખબર નથી. જોકે, તેણે કહ્યું હતું કે હું પહેલા ભાગમાં હતો એટલે બીજા ભાગમાં પણ મને કાસ્ટ કરવો જ જોઈએ તેવો મારો કોઈ દુરાગ્રહ નથી. સ્ટોરી પ્રમાણે તેમને જરુર લાગશે તો તેઓ મને રોલ આપી શકે છે. આ ફિલ્મમાં નવાઝે ટીવી જર્નાલિસ્ટ ચાંદ નવાબનો રોલ ભજવ્યો હતો. તેને આ રોલમાં બહુ પ્રશંસા મળી હતી. થોડા સમય પહેલાં એવા અહેવાલો પણ હતા કે સલમાન હાલ 'બજરંગી ભાઈજાન ટૂ'ને થોડા સમય માટે મુલત્વી કરી ગલવાન વેલીની લડાઈ પરની ફિલ્મને પ્રાધાન્ય આપી રહ્યો છે.

સાસુ-સસરા પણ વિરોધ કરતા હતા

# જાણીતી બોલીવુડ અભિનેત્રીએ ઘરથી ભાગી કર્યા હતા લગ્ન





અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી ઈન્ડસ્ટ્રીના પાવર કપલ્સમાં સામેલ છે, બંનેએ ૧૯૯૨માં લગ્ન કર્યા હતા

અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી ઈન્ડસ્ટ્રીના પાવર કપલ્સમાં સામેલ છે. બંનેએ ૧૯૯૨માં લગ્ન કર્યા હતા. કપલના લગ્નને ૩૩ વર્ષ થઈ ગયા છે. પરંતુ બંને વચ્ચેનો સંબંધ હજુ પણ અતૂટ છે. તમને જણાવી દઈએ કે, થોડા વર્ષો પહેલા 'ધ કપિલ શર્મા' શોમાં તેણે ખુલાસો કર્યો હતો કે પરમીતના પિતાને અમારો સબંધ મંજૂર નહોતો, જેના કારણે અમારે ભાગીને લગ્ન કરવા પડ્યા હતા. વાસ્તવમાં જ્યારે પરમીત શોમાં ગેસ્ટ તરીકે આવ્યો હતો, ત્યારે કપિલે તેને તેમના સંબંધો વિશે સવાલ કર્યો હતો. ત્યારે પરમીતે મજાકમાં કહ્યું હતું કે, 'અર્ચનાએ મને તેની સાથે લગ્ન કરવા માટે મજબૂર કર્યો હતો. તેણે એવી પરિસ્થિતિ ઉભી કરી.' પરમીતના નિવેદન પર અર્ચનાએ કહ્યું હતું કે, 'તેણે મને પ્રપોઝ કર્યું અને પછી અમે ભાગી ગયા.'પરમીતે આગળ જણાવ્યું કે, 'રાત્રે ૧૧:૦૦ વાગ્યે અમે લગ્ન કરવાનો નિર્ણય કર્યો હતો. અમે પંડિતને શોધવા માટે નીકળી પડ્યા હતા. 'શું તમે ભાગેલાછો? છોકરી પુખ્ત છે ને? તો મેં કહ્યું, તે મારા કરતા વધુ પુખ્ત છે. પંડિતે કહ્યું હતું કે, આ યોગ્ય રસ્તો નથી આપણે સવારના શુભ સમયની રાહ જોવી જોઈએ. અમે તેમને થોડા પૈસા આપ્યા અને તે બીજા દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યે આવ્યો અને અમારા લગ્ન થયા.'અર્ચના-પરમીતની વાત સાંભળ્યા પછી કપિલે પૂછ્યું હતું કે શું પરિવાર આ સંબંધથી રાજી નહોતો? તેના પર અર્ચનાએ કહ્યું, 'ઘણા નાટકો થયા હતા. પરમીતના માતા-પિતા વિરોધ કરતા હતા, કારણ કે તેમને લાગતું હતું કે, હું તેમના દીકરા કરતાં ઉંમરમાં મોટી છું. આ સાથે જ હું એક એક્ટ્રેસ છું. પરંતુ આ બધુ થવા છતાં, હું એ જણાવવા માંગુ છું કે અમારા લગ્ન પછી તેમણે મને પૂરા દિલથી સ્વીકારી લીધી હતી. તેમની પાસે કોઈ વિકલ્પ પણ નહોતો. પરમીતે કહ્યું હતું કે, આપણે એકબીજા માટે પરફેક્ટ હતા, અને આ જ કારણ છે કે અમે આટલા લાંબા સમયથી એક સાથે છીએ. અમારું ટ્યુનિંગ પણ પરફેક્ટ હતું, અને તેથી જ અમે લગ્ન કર્યા.'

અભિનેતા પાસે ત્રણ મોટી કોમેડી ફિલ્મોની સિક્વલ છે

# 'રેડ ૨' પછી, રિતેશ દેશમુખ પાસે સિક્વલ્સની ભરમાર

**'રેડ ૨' પછી, રિતેશ દેશમુખ છત્રપતિ શિવાજી મહારાજ પર આધારિત ફિલ્મ 'રાજા શિવાજી'માં જોવા મળશે**



બોલિવૂડ અભિનેતા રિતેશ દેશમુખ હાલમાં 'રેડ ૨'માં મોટા પડદા પર જોવા મળી રહ્યો છે. રિતેશ અજય દેવગન સ્ટારર ક્રાઈમ-થ્રિલર ફિલ્મમાં વિલનની ભૂમિકા ભજવી છે. તેણે મનોહર ધનકડ ઉર્ફે દાદાભાઈની ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનય કર્યો છે. 'રેડ ૨' માં ગંભીર ભૂમિકા ભજવ્યા બાદ, હવે રિતેશ દેશમુખ ફરી એકવાર તેના કોમેડી અવતારમાં પરત ફરવા જઈ રહ્યો છે.'રેડ ૨' પછી, રિતેશ દેશમુખ છત્રપતિ શિવાજી મહારાજ પર આધારિત ફિલ્મ 'રાજા શિવાજી'માં જોવા મળશે. હિન્દી અને મરાઠી ભાષામાં બની રહેલી આ ફિલ્મનું દિગ્દર્શન રિતેશ પોતે કરી રહ્યા છે. આ સાથે, અભિનેતા પાસે ત્રણ મોટી કોમેડી ફિલ્મોની સિક્વલ પાઈપલાઈનમાં છે. આ ફિલ્મો દ્વારા અભિનેતા બોક્સ ઓફિસ પર રાજ કરશે.કોમેડી ફ્રેન્ચાઈઝ હાઉસફુલના ચાર સફળ અને સફળ ભાગો પછી, હવે પાંચમો ભાગ પણ ધમાકેદાર રિલીઝ માટે તૈયાર છે. 'હાઉસફુલ ૫'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે જેમાં ફિલ્મની આખી સ્ટાર કાસ્ટનો ખુલાસો કરવામાં આવ્યો છે. આ ફિલ્મ ૬ જૂને રિલીઝ થશે અને તેમાં અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, અભિષેક બચ્ચન, જેકી શ્રોફ, સંજય દત્ત, નાના પાટેકર, સોનમ બાજવા અને ચિત્રાંગદા સિંહ જોવા મળશે.'હાઉસફુલ ૫' ની સાથે, રિતેશ દેશમુખ પાસે કોમેડી ફિલ્મ 'ધમાલ ૪' પણ પાઈપલાઈનમાં છે. આ અભિનેતા ફ્રેન્ચાઈઝના પાછલા બે ભાગોમાં પણ જોવા મળ્યો હતો. આ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે જેમાં અજય દેવગન, જાવેદ જાફરી, અરશદ વારસી અને સંજીદા શેખ જેવા સ્ટાર્સ પણ જોવા મળશે. અજય દેવગણે ફિલ્મના પહેલા શૂટિંગ શેડ્યૂલના અંતના ફોટા પણ શેર કર્યા. હાલમાં 'ધમાલ ૪' ની રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી નથી.'હાઉસફુલ ૫' અને 'ધમાલ ૪' ની સાથે, રિતેશ દેશમુખ પણ 'મસ્તી ૪' નો ભાગ છે. ઈન્દ્ર કુમારની કોમેડી ફિલ્મના પહેલા બે ભાગ, 'મસ્તી' અને 'ગ્રાન્ડ મસ્તી' એ બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી હતી. જોકે ત્રીજો ભાગ 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી' ફ્લોપ સાબિત થયો હતો, તેમ છતાં નિર્માતાઓ તેનો ચોથો ભાગ લાવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે રિતેશ દેશમુખ ૫ હેલા ભાગથી જ આ ફ્રેન્ચાઈઝીનો ભાગ છે.

અનુરાગ કશ્યપ તેમના સ્પષ્ટવક્તા નિવેદનોને કારણે હેડલાઇન્સમાં રહે છે

# પેન ઇન્ડિયા ફિલ્મ એક મોટું કૌભાંડ: અનુરાગ કશ્યપ



અનુરાગે તાજેતરમાં ફિલ્મ 'ફૂલે'ની રિલીઝ મુલતવી રાખવા અને સેન્સર બોર્ડની ટીકા વચ્ચે બ્રાહ્મણ સમુદાય વિશે વાંધાજનક વાતો કહી હતી

બોલિવૂડ ડિરેક્ટર અનુરાગ કશ્યપ તેમના સ્પષ્ટવક્તા નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહે છે. હવે અનુરાગ કશ્યપે સમગ્ર ભારતમાં આ ફિલ્મ અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મારા માટે પેન ઈન્ડિયા ફિલ્મ એક મોટું કૌભાંડ છે. દર્શકોનું ધ્યાન ભટકાવવા માટે, ફિલ્મ નિર્માતાઓ વાર્તા ટાળે છે અને દર બે થી ત્રણ મિનિટે એક આઈટમ સોંગ બતાવે છે. તે બધું એક સૂત્ર બની જાય છે. બોલિવૂડ ડિરેક્ટર અનુરાગ કશ્યપ તેમના સ્પષ્ટવક્તા નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં, તેમણે ફિલ્મ 'ફૂલે'ની રિલીઝ મુલતવી રાખવા અને સેન્સર બોર્ડની ટીકા વચ્ચે બ્રાહ્મણ સમુદાય વિશે વાંધાજનક વાતો કહી હતી. જે બાદ તેણે માફી માંગવી પડી. હવે અનુરાગ કશ્યપે પેન ઈન્ડિયા ફિલ્મ અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ફિલ્મ નિર્માતાઓ દરેક પ્રોજેક્ટમાં જંગી નાણાંનું રોકાણ કરીને એ જ ફોર્મ્યુલાનું પુનરાવર્તન કરી રહ્યા છે, જેમાંથી મોટાભાગના બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહ્યા છે.અનુરાગ કશ્યપે કહ્યું કે મારા માટે પેન ઈન્ડિયા એક મોટું કૌભાંડ છે. અખિલ ભારતીય શબ્દ છે. કોઈ ફિલ્મ બનતા પહેલા આખા ભારતમાં કેવી રીતે હોઈ શકે? એક ફિલ્મના નિર્માણમાં ત્રણથી ચાર વર્ષ લાગે છે, જેમાં ઘણા લોકો સામેલ હોય છે. એટલા માટે બધા પૈસા ફિલ્મમાં જતા નથી. વાર્તા અને કલાકારો એક જ છે પણ પૈસા આ મોટા સેટ પર જાય છે, જેનો કોઈ અર્થ નથી.એક ઈન્ટરવ્યુમાં, અનુરાગ કશ્યપે વધુમાં કહ્યું કે તેમાંથી માત્ર ૧% કામ કરે છે અને તે ૧% આખા ભારતમાં પ્રવાસ કરે છે. કેટલીક ફિલ્મો એવી સફળ થઈ જેની કોઈએ અપેક્ષા નહોતી રાખી, જેમ કે 'સ્ત્રી ૨'. આનાથી હોરર કોમેડીની દુનિયા શરૂ થઈ. જ્યારે 'ઉરી' સફળ થઈ, ત્યારે બધાએ રાષ્ટ્રવાદી ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું. 'બાહુબલી' પછી બધાએ પ્રભાસ કે બીજા કોઈ અભિનેતા સાથે મોટી ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું. 'કેજીએફ' ની સફળતા પછી બધાએ એકસરખી ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું અને અહીંથી જ વાર્તા બગડવા લાગી.અનુરાગ કશ્યપે વધુમાં કહ્યું કે આવી મોટી સુપરહિટ ફિલ્મોની સફળતાનું પુનરાવર્તન કરવા માટે, ફિલ્મ નિર્માતાઓ વાર્તા ટાળે છે અને દર્શકોનું ધ્યાન ભટકાવવા માટે દર બે-ત્રણ મિનિટે એક આઈટમ નંબર બતાવે છે. આ બધું એક ફોર્મ્યુલા બની જાય છે કારણ કે દરેક વ્યક્તિ ૮૦૦-૯૦૦-૧૦૦૦ કરોડ રૂપિયા પાછળ દોડી રહ્યો છે. આંકડા વધી રહ્યા છે પરંતુ છેલ્લા ૫ વર્ષમાં ફક્ત પાંચથી છ ફિલ્મો જ આ સ્તરે પહોંચી શકી છે. જ્યારે આપણે દર વર્ષે ૧૦૦૦ થી વધુ ફિલ્મો બનાવી રહ્યા છીએ.

### કેટલીક ટ્રેનોના આગમન-પ્રસ્થાનના સમયમાં અને કોચ સંરચનામાં પરિવર્તન

# સાબરમતી-દૌલતપુર ચૌક અને ગાંધીનગર કેપિટલ-જમ્મુતવી એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનો ના સમયપાલન ને વધુ બહેતર બનાવવાના ઉદ્દેશય થી સાબરમતી-દૌલતપુર ચૌક એક્સપ્રેસ અને ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ ટ્રેન ના ટર્મિનલ સ્ટેશન માં પરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તથા કેટલીક ટ્રેનોના સંચાલન સમય અને કોચ સંરચનામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

**ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં પરિવર્તન**

૧. ટ્રેન નં. ૧૯૪૧૧ સાબરમતી-દૌલતપુર ચૌક એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી સાબરમતીના બદલે ગાંધીનગર કેપિટલ થી (૧૦.૦૫ કલાકે) ઉપડશે.

૨. ટ્રેન નં. ૧૯૪૧૨ દૌલતપુર ચૌક-સાબરમતી એક્સપ્રેસ ૧૪ મે ૨૦૨૫ થી સાબરમતી ને બદલે ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર (૧૫.૦૫ કલાકે) ટર્મિનેટ (સમાપ્ત) થશે.

૩. ટ્રેન નં. ૧૯૨૨૩ ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ ને બદલે સાબરમતી થી (૧૦:૨૫ કલાકે) ઉપડશે અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૦.૫૩/૧૦.૫૮ કલાક નો રહેશે. આ ટ્રેનનો અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય યથાવત રહેશે.

૪. ટ્રેન નં.૧૯૨૨૪ જમ્મુતવી-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૧૪ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલને બદલે સાબરમતી સ્ટેશન પર (૧૪.૦૫ કલાકે) ટર્મિનેટ (સમાપ્ત) થશે. આ ટ્રેનનો ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૩:૦૮/૧૩:૧૦ કલાકનો રહેશે. આ ટ્રેન ના અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

ટ્રેનો ના સમયમાં આંશિક પરિવર્તન

૧. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ થી ૧૦.૩૦ કલાકને બદલે ૧૦.૨૫ કલાકે ઉપડશે અને ચાંદલોડિયા બી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૦.૫૦/૧૦.૫૨ કલાક નો રહેશે. આ ટ્રેન ના અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર-MCTM ઉધમપુર એક્સપ્રેસ નો ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૧૦.૦૫/૧૦.૧૦ કલાક નો રહેશે. આ ટ્રેનનો અન્ય સ્ટેશનો પર આગમન- પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

કોચ સંરચનામાં પરિવર્તન

★ ટ્રેન નં. ૨૨૯૫૭/૨૨૯૫૮ ગાંધીનગર કેપિટલ-વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ થી અને ૧૪ મે ૨૦૨૫ થી વેરાવળથી એસી ૨-ટાયર ના ૨ કોચ, એસી ૩-ટાયરના ૫ કોચ, સ્લીપર ક્લાસના ૮ કોચ, જનરલ ક્લાસના ૪ કોચ અને ૨ કોચ એસએલઆરડી ની સાથે સંચાલિત થશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ અને ઓખા-પુરી એક્સપ્રેસ પુનઃસ્થાપિત

। અમદાવાદ, તા.૧૪ ।

રેલ પ્રસાશન દ્વારા ઉનાળાની ઋતુના દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને દક્ષિણ મધ્ય રેલ્વે સિકંદરાબાદ મંડળ ના મહબૂબાબાદ સ્ટેશન પર ત્રીજી લાઈનના કામ માટે બ્લોક ને કારણે અગાઉ સૂચિત રદ કરાયેલી ગાંધીધામ-વિશાખા પટ્ટનમ એક્સપ્રેસ અને ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનોને ડાયવર્ટ રૂટ સાથે પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનો

૧. ૨૫ મે અને ૨૨ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૦૪ ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ અને ૨૨ મે અને ૧૯ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૦૩ વિશાખાપટ્ટનમ-ગાંધીધામ એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ વિશાખા પટ્ટનમ-વિજયવાડા-બલ્લારશાહ -બડનેરા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા લખોલી-રાય પુર-નાગપુર-બડનેરા ના રસ્તે ચાલશે.

૨. ૨૮ મે અને ૧૮ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ અને ૨૫ મે અને ૧૫ જૂન ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ-વિશાખા પટ્ટનમ-વિજયવાડા-બલ્લારશાહ -બડનેરા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા લખોલી-રાય પુર-નાગપુર-બડનેરા ના રસ્તે ચાલશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો : ૨૬ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું



। વિરમગામ, તા.૧૪ ।

અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તક આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ તાલુકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે બુધવારે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ૨૬ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા રક્તદાન કેમ્પમાં લોકોને રક્તદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું અને કોઈપણ પુખ્ત સ્વસ્થ વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે છે.

ખાસ કરીને યુવાનોને રક્તદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રક્તદાનએ બિલકુલ સરળ અને સુરક્ષિત તથા સ્વૈચ્છિક હોય છે. રક્તદાન કરવાથી કોઈપણ જાતનો ચેપ લાગુ પડતો નથી. અઢાર વર્ષથી વધુ વયની કોઈપણ તંદુરસ્ત વ્યક્તિ રક્તદાન કરી શકે છે અને દર ત્રણ માસના ગાળા બાદ ફરી રક્તદાન કરી શકે છે.

# દેવગઢ બારીઆ નગરના ભેં દરવાજા વિસ્તારમા ઓવરલોડ રેતી ભરેલા ડમ્પ રે રાહદારી નો પગ કચડ્યો...



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર મા દિન પ્રતિ દિન નગર મા વાહનો આડેધડ પાર્કિંગ અને બેફામ ચાલતા ઓવરલોડ રેતી ભરેલા ડમ્પરો ના કારણે નગર ના રસ્તા ને નુકશાન તો થાય જ છે પરંતુ ગ્રામ્ય વિસ્તાર મા થી દેવગઢ બારીઆ નગર મા કામ અર્થે અવર જવર કરતા રાહદારીઓ ને પણ અકસ્માત નો ભોગ બનવું પડે છે જેમાં આજ રોજ વહેલી સવારે દેવગઢ બારીઆ નગર ના ભેં દરવાજા બહાર ઓવર લોડ રેતી ભરેલા ડમ્પર દ્વારા એક ચાલતા રાહદારી ના પગ ઉપર ડમ્પર નું ટાયર ફરી વળતા પગ ના ચૂરેચૂરા થઈ ગયા હતા લોહી લુહાણ હાલત મા તાત્કાલિક ૧૦૮ બોલાવી દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલ મા લઈ ગયા હતા પરંતુ વધુ સારવાર માટે તેમણે દાહોદ ઝાયડસ હોસ્પિટલ મા રિફર કરવા મા આવ્યા હતા હવે જોવા નું રહ્યું કે આ હફતા ખાઉ સરકારી તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે પછી રામ રાજ પ્રજા સુખી જેવું કામ કરશે.

# દેવગઢ બારીઆ તાલુકાના ચેનપુર પાનમ નદીમાથી કાઢવામા આવતી પરવાનગી વગર રેતી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૪ ।



પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુ-કા ના ચેનપુર ગામ મા પાનમ નદી પસાર થાય છે તે નદી મા થી કોઈ પણ પ્રકાર ની રેતી લીઝ કાઢવા ની કોઈ ભી પ્રકાર ની સરકારી વિભાગ કે ખાણખનિજ વિભાગ ની પરવાનગી ના હોય લીઝ ધારક પાસે તો પણ આ સર્વે નંબર ૧૭/૨ માં થી ગેરકાયદેસર રીતે રેતી કાઢે છે જેમાં આ બાબત મા જમીન માલિક શૈલેષભાઈ કેશલાભાઈ એ લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં પણ વહીવટી તંત્ર કોઈ પણ પ્રકાર ની આ ગેરકાયદેસર લીઝ ચલાવતા રમેશભાઈ રમણભાઈ પટેલ તથા કૈલાશબેન અર્જુનભાઈ બારીઆ સામે કોઈ પણ પ્રકાર ના અટકાયતી પગલા ભરતા નથી તેનું કારણ શું.. આ ગેરકાયદેસર લીઝ ધારક સામે સર્વે નંબર ૧૭/૨ ના જમીન માલિક શૈલેષભાઈ કેશલાભાઈ એ ખાણખનિજ વિભાગ દાહોદ ગાંધીનગર સચિવાલય દેવગઢ બારીઆ પ્રાંત અધિકારી કલેક્ટર ના તમામ સરકારી અધિકારીઓ ને લાગતા વળગતા ઓ ને રજીસ્ટર એ ડી પોસ્ટ કરી રજૂઆત કરી છે છતાં પણ અહીં ના વહીવટી તંત્ર નું પેટ નું પાણી હલતું નથી આ તસવીરો માં જોઈ શકાય છે કે નદી ની શું હાલત કરી છે તે જોવા વાળા ને પણ આંખ માં થી આશુ આવી જાય તેના કરતાં પણ ખરાબ હાલત કરી મૂકી છે શું ખાણખનિજ વિભાગ તથા સરકારી વહીવટી તંત્ર આ બાબતમા પગલાં ભરશે.

# સ્વરાજની નવી દિશા — સામૂહિક નેતૃત્વ અને જલવાયુ સંરક્ષણ તરફ એક મજબૂત પગલું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

દાહોદ જિલ્લાની ધરતીના હૃદયસ્થાને આવેલા ઝલાઈ માતા મંદિર ખાતે ૧૪ મે ૨૦૨૫ ના રોજ કૃષિ અને આદિવાસી જિલ્લા સ્વરાજ મંચની ત્રિમાસિક બેઠક યોજાઈ. આ બેઠકમાં આદિવાસી સશક્તિકરણ, પરંપરાગત કૃષિ પુનર્જીવન, અને જલવાયુ સંરક્ષણ તરફ એક મજબૂત પગલું ભરાયું.

બેઠકના અધ્યક્ષ રાજુભાઈ સઘાડા હતાં, જેઓએ સામૂહિક નેતૃત્વ અને સામુદાયિક સહભાગિતાના મહત્વને ઝીણવટથી ઉજાગર કર્યું.

બેઠકની શરૂઆત અગાઉના નિર્ણયોનું પુનર્વલોકન કરવાથી થઈ, જેમાં સ્થાનિક સ્તરે કૃષિ સુધારણાં, સ્થાનિક સંસાધનોના કુશળ વ્યવસ્થાપન, અને સામુદાયિક સશક્તિકરણ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી. મંચની કાર્યકારિણીને વિસ્તૃત કરવાની સર્વસંમતિથી મંજુરી આપવામાં આવી, જેમાં ૧૦ મહિલા અને ૧૦ પુરુષ સભ્યોનો સમાવેશ કરાયો, જે આદિવાસી સમાજના વ્યાપક પ્રતિનિધિત્વ અને સામૂહિક નિર્ણય પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાનું એક મહત્વપૂર્ણ પગલું છે.

મંચના સંયોજક માનસિંહ નિનામાએ સંગઠનની ભૂમિકા અને કાર્યયોજનાના નિર્માણ પર ભાર મૂક્યો. તેમણે સમજાવ્યું કે કેવી રીતે પરંપરાગત કૃષિ પદ્ધતિઓ, સામૂહિક નેતૃત્વ, અને સ્વાવલંબન આદિવાસી સમાજના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

મંચના મુખ્ય લલિતા બેનએ જલવાયુ પરિવર્તનના અસરકારક પ્રભાવોને ઉજાગર કર્યા. તેમણે જણાવ્યું કે આદિવાસી વિસ્તારોમાં જલવાયુ પરિવર્તનનો સીધો પ્રભાવ કૃષિ, જળ સંસાધન, અને જીવનશૈલી પર પડે છે. તેમણે જળ સંરક્ષણ, માટી સંરક્ષણ, અને પરંપરાગત જળસ્રોતોના પુનર્જીવન પર ભાર મૂક્યો. સાથે જ, જૈવિક ખેતી, પરંપરાગત પાક ચક્ર, અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ઘટાડવાના સ્થાનિક ઉપાયો પર પણ ચર્ચા થઈ.

આગામી ત્રણ માસની કાર્યયોજનામાં મહિલાઓ અને યુવાનોની વધુ ભાગીદારી, સામૂહિક નેતૃત્વનો વિકાસ, પ્રશાસન સાથેના સંકલન, અને દીર્ઘકાલિક લક્ષ્યોની દિશામાં મજબૂત પગલાં લેવા પર ભાર મુકાયો. આ ઉપરાંત, આદિવાસી સમાજના આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે સ્વાવલંબન, કૃષિ ઉત્પાદન સુધારણાં, અને સ્વરાજ સાથે સીધો જોડાણ સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યૂહરચનાઓ રચવામાં આવી.

બેઠકનો સમારોપ તમામ હાજર સભ્યોને સ્વાગત અને આગામી કાર્યો માટે શુભેચ્છાઓ સાથે કરવામાં આવ્યો, જેમાં એકતા અને સામૂહિક નેતૃત્વના સંકલ્પને પુનરાવર્તન કરાયું.

આ બેઠકમાં બાબુલાલ ચૌધરી, ગિરિશભાઈ પટેલ, વિનોદભાઈ, કલુભાઈ, બચ્ચુભાઈ, જયેશભાઈ, વસંતાબેન, કમલા, સુર્યાબેન, સાંતાબેન, મંજુલા, લલિતા, અને મનીષા સહિત અનેક સભ્યોએ હાજરી આપી.

# અમદાવાદીઓ મન મૂકીને માણશે ગીર, કચ્છ, વલસાડ સહિતની સુપ્રસિદ્ધ રસાયણમુક્ત કેરીની જ્યાફત

। અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો ઉનાળાના બળબળતા તાપ વચ્ચે રસાયણમુક્ત મીઠી કેરીની જ્યાફત હવે ઘર આંગણે જ માણી શકશે. ગુજરાતમાં રસાયણમુક્ત કેરી પકવતા ખેડૂતો કેરીનું વેચાણ સીધું શહેરીજનોને કરીને પોષણક્ષમ ભાવ મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનાર આ કેરી મહોત્સવનો કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ આવતીકાલે તા. ૧૪ મે, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે. આ પ્રસંગે કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ તેમજ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા પણ ઉપસ્થિત રહેશે. આ કેસર કેરી મહોત્સવ આગામી તા. ૧૩ જૂન એટલે કે, એક મહિના સુધી ચાલશે. કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં ઉભા કરાયેલા આશરે ૮૫ જેટલા સ્ટોલ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.

# ઓટિઝમ ધરાવતાં બાળકો માટેનો ભારતનો પ્રથમ અને રાજ્યકક્ષાનો ઓટિઝમ ખેલ મહાકુંભ-૦૩ નડિયાદ ખાતે યોજાયો

### અમદાવાદના પ્રતિભાશાળી ખેલાડીઓએ રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન આપીને ૧૧ મેડલ જીત્યા

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।



ગુજરાત સરકારના સહયોગથી તથા સેરેબ્રલ પાલ્સી ફાઉન્ડશનના આયોજન હેઠળ ઓટિઝમ ધરાવતાં બાળકો માટે ભારતનો પ્રથમ, રાજ્યકક્ષા નો ખેલ મહાકુંભ-૦૩ નડિયાદ ખાતે ભવ્ય અને સફળ રીતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી ઓટિઝમ ધરાવતાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અમદાવાદના પ્રતિભાશાળી ખેલાડીઓએ પણ રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપીને કુલ ૧૧ મેડલ જીતીને સમગ્ર શહેરનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધાના સમાપન બાદ ૪ ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ વિજેતા બાળકોને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ખેલ મહાકુંભમાં બૉચી ગેમ, ૧૦૦ મીટર દોડ, શોટપુટ, રોલર સ્કેટિંગ, લાંબી કૂદ, સાઈકલિંગ જેવી રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓટિઝમ ધરાવતાં બાળકોને સ્પર્ધામાં મળેલા સવશ્રેષ્ઠ પરિણામ માટે અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં આવેલી 'બોર્ન એથ્લેટ્સ સ્પોર્ટ્સ એકેડમી ફોર સ્પેશિયલ ચિલ્ડ્રન' અને તેના કોચનું વિશેષ યોગદાન રહ્યું છે. આ એકેડમીના ડાયરેક્ટર શ્રી સિદ્ધાર્થસિંહ રાજપૂત અન સમગ્ર ટ્રેનિંગ ટીમે બાળકોને વિશેષ તૈયારી કરાવી હતી.

બાળકોની સફળતા તેમની મહેનત, પરિવારના સહયોગ અને કોચના માર્ગદર્શનના પરિણામે છે. સમગ્ર એકેડમી ટીમને તેમજ વિજેતા અને ભાગ લેનાર તમામ બાળકો અને તમામ ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઓટિઝમ ધરાવતાં બાળકો માટે રાજ્યકક્ષાએ એક અનોખો ખેલમંચ ઊભો કરવા બદલ ગુજરાત સરકાર, સ્પોર્ટ્સ ઓથોરટી ઑફ ગજરાત અને સેરેબ્રલ પાલ્સી ફાઉન્ડશનનો મહત્ત્વનો ફાળો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**
સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારા દિવસની શરૂઆત સવારે થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાંથી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો?

**સિંહ (મ,ટ) :**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કરેલ રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. ભાગીદારીને લગતી તકો સારી જણાય છે, પણ બધું જ કાગળ પર સ્પષ્ટ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે અમુક બાબતે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.





રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈને ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### ૬.૩ની તીવ્રતાવાળા ભૂકંપથી ૬ દેશોમાં નોંધાયા ભૂંકપના આંચકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બુધવારે વહેલી સવારે ગ્રીસના ક્રીટ દ્વીપ પાસે જોરદાર ભૂકંપ નોંધાયો હતો, જેની અસર મિસ્રથી લઈને ઈઝરાયલ સુધી જોવા મળી હતી. ભૂકંપની તીવ્રતા ૬.૩ રિક્ટલ સ્કેલ નોંધાઈ છે. સ્થાનિક સમય મુજબ વહેલી સવારે આ ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ એટલો જોરદાર હતો કે, લોકો ડરી ગયા હતાં અને ઘરની બહાર ભાગવા લાગ્યા હતાં. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીયોસાઈન્સ અનુસાર, ગ્રીસના ક્રીટ દ્વીપ પર બુધાવારે વહેલી સવારે ૬.૩ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ ૮૩ કિલોમીટર ઊંડાણ પર આવ્યો હતો. અત્યાર સુધી ભૂકંપથી કોઈ મોટું નુકસાન અથવા જાનહાનિ નોંધાઈ નથી. સ્થાનિક વહીવટીતંત્ર અને સુરક્ષા દળ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. આ સાથે જ લોકોને સાવધાન રહેવાની અપીલ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, ગ્રીસના આ ભૂકંપની અસર મિસ્ર અને ઈઝરાયલ સુધી જોવા મળી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જીયોલોજિકલ સરવે અનુસાર, ભૂકંપ સ્થાનિક સમયાનુસાર ૧:૫૧ વાગ્યે આવ્યો હતો. જેના આંચકા મિસ્રના કાહિરા સાથે-સાથે ઈઝરાયલ, લેબેનોન, તુર્કિયે અને જોર્ડનમાં પણ અનુભવાયા હતાં.

### અમરેલીના હિમખીમ ડીપરામાં મદરેસા પર બુલડોઝર ચાલ્યુ

। (એજન્સી) અમરેલી, તા.૧૪ ।

અમરેલી જિલ્લાના હિમખીમ ડીપરા વિસ્તારમાં આવેલી મદરેસાના મૌલાના મોહમ્મદઝલ અબ્દુલઅઝીઝ શેખનું પાકિસ્તાન કનેક્શન મળી આવ્યું હતું. મૌલાનાના મોબાઈલમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સોશિયલ મીડિયામાં ગ્રૂપ મળી આવ્યા હતા. ત્યારે મંગળવારે (૧૩મી મે) વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે હિમખીમડીપરામાં આવેલી ગેરકાયદે મદરેસામાં પર બુલડોઝર ફેરવી દીધુ હતું. મળતી માહિતી અનુસાર, હિમખડીપરામાં ગેરકાયદે મદરેસા પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. જ્યા મૌલાના મોહમ્મદઝલ અબ્દુલઅઝીઝ શેખ રહેતો હતો. આ મૌલાનાની ધરપકડ બાદ રેવન્યુ વિભાગને તપાસ સોંપવામાં આવી હતી.

### મહિલા વકીલોની અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

# બાર. એસોસિએશનમાં ૩૦ ટકા અનામત હવે ફરજિયાત

### ગુજરાત રાજયના કિસ્સામાં પણ મહિલા વકીલો માટે પૂરતી, યોગ્ય અને વાજબી અનામત રાખવામાં આવે તે અનિવાર્ય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સુપ્રીમકોર્ટે એક મહત્ત્વના આદેશ મારફતે ગુજરાત રાજયમાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશન સહિત રાજયના તમામ બાર એસોસિએશનમાં કારોબારી સમિતિ (એકઝીકયુટિવ કમિટી)માં મહિલા વકીલો માટે ૩૦ ટકા અનામત રાખવા હુકમ કર્યો છે.

સાથે સાથે તમામ બાર એસોસિએશનમાં ખજાનચીના મહત્ત્વનું પદ પણ મહિલા વકીલ માટે જ અનામત રાખવા પણ હુકમ કર્યો છે. સુપ્રીમકોર્ટના જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વરસિંહની ખંડપીઠે ગુજરાતના વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીઓમાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત રાખવા માંગણી કરતી પિટિશનમાં આ આદેશ કર્યો હતો.નોંધનીય છે કે, ગુજરાત બાર કાઉન્સીલ અને બાર કાઉન્સીલ ઑફ ઈન્ડિયામાં મહિલા વકીલો માટે ૩૩ ટકા અનામત મામલે પાછળથી વિચારણા કરવાનું જણાવી સુપ્રીમકોર્ટે આ પિટિશનનો નિકાલ કર્યો હતો.

ગુજરાત હાઈકોર્ટની મહિલા વકીલ મીના જગતાપ દ્વારા સુપ્રીમકોર્ટમાં દાખલ કરાયેલી પિટિશનમાં ગુજરાત રાજ્યના વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં મહિલાઓ માટે યોગ્ય કે પૂરતી અનામત રાખવામાં આવતી નથી. ખરેખર બંધારણમાં મહિલાને પણ સમાન અધિકાર આપવામાં આયા છે, તેમ છતાં મહિલાઓ પરત્વે ઉપેક્ષાભર્યુ વલણ દાખવવામાં આવે છે. સુપ્રીમકોર્ટ સંબંધિત ચુકાદા મુજબ, ૩૩ ટકા અનામતની જોગવાઈનો લાભ અપાતો નથી. વળી, વિવિધ બાર એસોસિએશન અને બાર કાઉન્સીલમાં મહિલાઓ માટે અનામત નહીં રાખવાથી ભારતના બંધારણની કલમ-૧૪, ૧૫ અને ૧૬નો પણ ભંગ થાય છે. ખાસ કરીને મહિલાઓ પ્રત્યેના તમામ પ્રકારના ભેદભાવ દૂર કરવાના પ્રયાસો થાય તે જરૂરી છે. બીજીબાજુ, ગુજરાત રાજયમાં મહિલા વકીલોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે અને તેઓ એડવોકેટ તરીકે નોંધણી કરાવી આગળ આવી રહી છે, ત્યારે વિવિધ બાર એસોસિએશન અને ગુજરાત બાર કાઉન્સીલમાં જૂદા-જૂદા હોદાઓ પર મહિલાઓનું પ્રતિનિધિત્વ નહીવત્ છે. સુપ્રીમ કોર્ટે સુપ્રીમકોર્ટ બાર એસોસીએશન, દિલ્હી, કર્ણાટક, બેગ્લુરુ સહિતના બાર એસોસિએશનના કેસમાં મહિલા વકીલો માટે અનામત રાખવા અંગેના હુકમો જારી કરેલા છે. તેથી ગુજરાત રાજયના કિસ્સામાં પણ મહિલા વકીલો માટે પૂરતી, યોગ્ય અને વાજબી અનામત રાખવામાં આવે તે અનિવાર્ય છે. તમામ રજૂઆત સાંભળ્યા બાદ સુપ્રીમકોર્ટે અનામત ફરજિયાત રાખવાનો હુકમ કર્યો હતો.

### પાકિસ્તાનને ધૂળ ચટાવ્યા બાદ ભારતે એક મહત્ત્વનો નિર્ણય લીધો

# ISRO એક જ વર્ષમાં બનાવશે પર જાસૂસી ઉપગ્રહ

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય સેનાએ ઑપરેશન સિંદૂરની સફળતાપૂર્વક પાર પાડી પાકિસ્તાનને ધૂળ ચટાવ્યા બાદ ભારતે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ભારતે અગાઉ ચાર વર્ષમાં ૫૨ જાસૂસી ઉપગ્રહ બનાવવાનો નિર્ણય લીધો હતો, જોકે હવે આ કાર્યક્રમને ઘટાડીને એક વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે. આ ઉપગ્રહની કામગીરી 'મહત્ત્વાકાંક્ષી અવકાશ-આધારિત દેખરેખ (SBS-3)' પ્રોગ્રામ હેઠળ આગળ વધારવામાં આવી રહી છે, જેમાં ઈસરો અને ખાનગી ઉદ્યોગ કંપનીઓ સાથે મળીને આ લક્ષ્યાંકને એક વર્ષમાં પૂરો કરશે.

એસબીએસ-૩ પ્રોગ્રામ એ ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન અને ખાનગી ઉદ્યોગ વચ્ચેના સહયોગનું શાનદાર ઉદાહરણ છે. ઈસરો આ પ્રોગ્રામ હેઠળ ૨૧ ઉપગ્રહ બનાવશે, જ્યારે બાકીના ૩૧ ઉપગ્રહની જવાબદારી ત્રણ ખાનગી કંપનીઓ અનંત ટૅક્નોલૉજીસ, સેંટમ ઈલેક્ટ્રોનિક્સ અને અલ્ફા ડિઝાઈનને સોંપવામાં આવી છે.

**બાકીના ૩૧ ઉપગ્રહની જવાબદારી ત્રણ ખાનગી કંપનીઓ અનંત ટેક્નોલોજીસ, સેંટમ ઈલેક્ટ્રોનિક્સ, અલ્ફા ડિઝાઇનને સોંપાઈ**

સંરક્ષણ મંત્રાલયે આ ત્રણેય કંપનીઓને ૧૨થી ૧૮ મહિનામાં પ્રોગામ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે, તેથી ૩૧ જાસૂસી ઉપગ્રહ ૨૦૨૬ના અંત સુધીમાં અથવા તે પહેલા બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. અગાઉ આ લક્ષ્યાં ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો હતો. જોકે તાજેતરમાં જ પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ ભારતીય સેનાએ વળતો જવાબ આપી ઓપરેશન સિંદૂર પાર પાડ્યા બાદ આ નિર્ણય લેવાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે.

ભારતના ૫૦ સ્પેસક્રાફ્ટ સતત પડોશી દેશો પર નજર રાખશે, જેથી પાકિસ્તાન અને ચીન જેવા દેશો કોઈપણ કાર્યવાહી કરતા પહેલા બે વાર વિચારશે. આ ઉપગ્રહના કારણે સ્પેસ પાવર તરીકે ભારતની તાકાત વધશે. આ ઉપગ્રહો AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે પણ કનેક્ટેડ હશે, જેથી કોઈ પણ ખોટા કામો સામે ભારતીય સૈન્ય તાત્કાલિક પગલાં લઈ શકે. આ ઉપગ્રહને એટલા માટે લોન્ચ કરવામાં આવશે કારણે કે આસપાસ થઈ રહેલા ફેરફારો પર નજર રાખીને દેશની તાકાતમાં વધારો કરી શકાય.

જો ભારત આ સ્તરે ઉપગ્રહો લોન્ચ કરી શકે છે, તો દેશ સામેના જોખમોને વધુ સારી રીતે ઘટાડી શકાય છે. તેના દ્વારા જમીન સંબંધિત ગુપ્ત માહિતી એકત્રિત કરાશે. આ ઉપગ્રહોની મદદથી દુશ્મનની હિલચાલ પર નજર રાખી શકાશે. આ ઉપગ્રહને અવકાશમાં અલગ અલગ ઉંચાઈ પર તૈનાત કરવામાં આવશે. જેની મદદથી વિવિધ લેવલથી જિયો-ઈન્ટેલિજન્સ ડેટા એકત્ર કરી શકાય. આ ઉપગ્રહની મદદથી આપણા સૈનિકો દુશ્મન દેશની હિલચાલ પર નજર રાખી શકશે તેમજ સરહદો પર ઘૂસણખોરી રોકવામાં મદદ મળશે.

### ચોમાસા પર IMDએ આપી ખુશખબર

# ચોમાસુ બંગાળની ખાડી અને અંદમાન સુધી પહોંચ્યું

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગે મંગળવારે બંગાળની ખાડી અને અંદમાન સાગરના અમુક વિસ્તારમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પહોંચવાની ઘોષણા કરી છે. આઈએમડીએ કહ્યું કે, "દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧૩ મેના રોજ બંગાળની ખાડીના દક્ષિણ ભાગ, અંડમાન સાગરના દક્ષિણી ભાગ, નિકોબાર દ્વીપ સમૂહ અને ઉત્તરી અંડમાન સાગરના અમુક ભાગમાં આગળ વધી ગયું છે." તેમણે કહ્યું કે, "આગામી ત્રણથી ચાર દિવસ દરમ્યાન સમુદ્રમાં ચોમાસું આગળ વધવાનું ચાલુ રહેશે."

મૌસમ વિભાગે કહ્યું કે, "દક્ષિણ અરબ સાગરના અમુક ભાગો, માલદીવ અને કોમોરિન ક્ષેત્રો, બંગાળની ખાડીના દક્ષિણી ભાગ, આખા અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ, અંડમાન સાગરના બાકીના ભાગ અને બંગાળની ખાડીના મધ્ય ભાગના અમુક ભાગોમાં આગળ ત્રણથી ચાર દિવસ દરમ્યાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે." મૌસમ વિભાગ અનુસાર, આ વર્ષે ચોમાસાનો વરસાદ સામાન્યથી વધારે રહેવાની આશા છે.

### આતંકવાદીઓના સ્લીપર સેલને સંપૂર્ણ નષ્ટ કરાયાઃ યુપી સરકારનો દાવો

# ઉત્તરપ્રદેશ સરકારે આઠ વર્ષમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોનો ખાત્મો બોલાવ્યો

### એટીએસ એ અયોધ્યામાં રામમંદિરના નિર્માણની આસપાસ વિનાશકારી ઘટનાઓ માટે ષડયંત્ર રચનાર સહિત ધાર્મિક અશાંતિ ભડકાવનાર તત્વો પર સકંજો કસ્યો છે

। (એજન્સી) લખનઉ, તા.૧૪ ।

ઉત્તરપ્રદેશ સરકારે સંગઠિત ગુનાઓના નેટવર્કને ખતમ કરી દીધું છે. છેલ્લા આઠ વર્ષમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોના પ્રભાવને ખતમ કરી નાંખવામાં આવ્યો છે અને આતંકવાદી સ્લીપર સેલને રાજયભરમાંથી નાબૂદ કરાયા છે, તેમ સોમવારે યુપી સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે. સરકારે શૂન્ય-સહિષ્ણુતા દૃષ્ટિકોણ અપનાવ્યો, બહુઆયામી રણનીતિની સાથે આતંકવાદી નેટવર્ક, તેના ફંડિંગ, ધાર્મિક ઉગ્રવાદ, બોગસ દસ્તાવેજો અને વિદેશ ઘુસણખોરીને ટાર્ગેટ કરી છે. ઉત્તરપ્રદેશ સરકારે એક નિવેદનમાં કહ્યું છે કે ૨૦૧૭થી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં - રાજ્ય આતંકવાદીઓ માટે દુર્ગમ થઈ ગયું છે. જેમાં ૨૩૦ ખૂંખાર ગુનેગારોનો પ્રભાવ ખતમ કરવામાં આવ્યો છે. આતંકવાદીઓના ૧૪૨ સ્લીપર સેલને નષ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૧૩૧ સક્રિય મોડ્યુલ સામેલ છે જે આતંકવાદી ગતિવિધિમાં સામેલ ગુનેગારોને આશ્રય આપતા હતા અને ગુપ્ત માહિતી લીક કરતા હતા. તેમજ ૧૧ ફન્ડિંગ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં એક આતંકવાદી એન્કાઉન્ટરમાં ઠાર થયો છે. ઉત્તરપ્રદેશ એટીએસના આઠ વર્ષના અભિયાનમાં આઈએસઆઈએસ, એક્યુઆઈએસ, જેએમબી, એબીટી, લશ્કર, જૈશ, એચએમ, આઈએમ-સિમી, નક્સલી, પીએફઆઈ અને આઈએસઆઈ સહિત વૈશ્વિક તથા સ્થાનિક આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા સ્લીપર મોડ્યુલને સફળતાપૂર્વક પ્રભાવહિન કરી દેવામાં આવ્યા છે.

### ભારતમાં ગયા વર્ષે નવી કરતાં જૂની કાર વધુ વેચાઈ

# નવી કરતાં સેકન્ડ હેન્ડ કારની બોલબાલા વધી

### ૨૦૨૪માં આ કાર કંપનીઓએ નવી ૫૦,૦૦૦ કારનું વેચાણ કર્યુ છે, જૂની ૮૦,૦૦૦ લક્ઝરી કારનું વેચાણ

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતમાં કારના માર્કેટમાં એક અલગ પ્રકારનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. લક્ઝરી કાર કંપનીઓએ ૨૦૨૪માં તેમની નવી કાર કરતાં સેકન્ડ-હેન્ડ કારનું વધુ વેચાણ કર્યું છે. આ ટ્રેન્ડ માટે ઈકોનોમી જવાબદાર છે, પરંતુ હવે એમાં કાર બનાવતી કંપનીઓ દ્વારા પણ પોતાનો ફાયદો શોધી લેવામાં આવ્યો છે. એક રિપોર્ટ મુજબ ભારતમાં પહેલી વાર એવું થયું છે કે લક્ઝરી કાર બનાવતી કંપનીઓએ તેમની નવી કાર કરતાં જૂની કારનું વેચાણ વધુ કર્યું હોય. ૨૦૨૪માં આ કાર કંપનીઓએ નવી ૫૦,૦૦૦ કારનું વેચાણ કર્યું છે, જ્યારે જૂની ૮૦,૦૦૦ લક્ઝરી કારનું વેચાણ થયું છે. આ વેચાણ પ્રીમિયમ ઓટોમોબાઈલ માર્કેટમાં એક ખૂબ જ મોટો બદલાવ છે. પહેલાં થોડા વર્ષોની અંદર લક્ઝરી કારની વેલ્યુ ખૂબ જ ઘટતી જોવા મળે છે. આથી લાંબા સમય સુધી કારનો ઉપયોગ કરનારા હવે નવી કાર ખરીદવાની જગ્યાએ સેકન્ડ-હેન્ડ કાર ખરીદે છે. આ પ્રકારની કાર તેમને ખૂબ જ સસ્તામાં મળી જાય છે અને તેમ છતાં પ્રીમિયમ ફીચર્સનો ઉપયોગ કરી શકે છે.

## વિશેષ

### ગુજરાત સાયન્સ સિટીનું નવું નજરાણું : એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી

# ગુજરાત સાયન્સ સિટી અમદાવાદ ખાતે 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી' ૧૫ મે, ૨૦૨૫થી મુલાકાતીઓ માટે ખુલ્લી મુકાશે


। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદમાં આવેલી ગુજરાત સાયન્સ સિટીનાં વિવિધ આકર્ષણો બાળકોથી લઈને વડીલો સુધીના તમામ ઉંમરના મુલાકાતીઓને આકર્ષે છે. આ સાયન્સ સિટીમાં હવે વધુ એક નવું નજરાણું 'એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'નો પ્રારંભ થઈ રહ્યો છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત સાયન્સ સિટી, અમદાવાદમાં એક નવીનત્તમ ગેલેરી, 'એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી' ૧૫ મે ૨૦૨૫થી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવનાર છે. સૌરમંડળની દિવ્ય રચના ઉપર આધારિત આ ગેલેરી એક અદ્ભુત શૈક્ષણિક અને માહિતીસભર બની રહેશે.

આ અવસરે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધારે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાયન્સ સિટી આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

સાયન્સ સિટી સ્થિત એક્વેરિયમ, રોબોટિક ગેલેરીની ભવ્ય સફળતા બાદ આજે ત્રીજી એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ ગેલેરી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ ગેલેરીમાં ભારતનું વિશેષ યોગદાન દર્શાવવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.




તેમણે વધુમાં જણાવ્યું કે, હાલ વેકેશનનો સમયગાળો ચાલી રહ્યો છે માટે મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી ૧૫ મે ગુરુવારના રોજથી મુલાકાતીઓ માટે આ ગેલેરી ખુલ્લી મૂકવામાં આવશે, જેથી કરીને વેકેશનના સમયમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ તેનો લાભ લઈ શકે.

વધુમાં શ્રી મોના ખંધારે આ એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીની વિશેષતા અને મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિશેષ એક્ટિવિટી અને ૩- ડી ફિલ્મનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લખનીય છે કે, કુલ ૧૨,૭૯૭ ચોરસ મીટરના વિસ્તારમાં આવેલી આ ગેલેરીમાં મધ્યમાં સૂર્યનું પ્રતિનિધિત્વ કરતો, ત્રણ માળ જેટલો ઊંચો વિશાળ ગ્લોબ આવેલો છે, જેની ફરતે અન્ય ગ્રહોની ગોઠવણ પણ જોઈ શકાય છે. ત્રણ માળની બનેલી આ ગેલેરીમાં છ મુખ્ય વિભાગો આવેલા છે. આ સાથે ફંડામેન્ટલ્સ એન્ડ હિસ્ટ્રી વિભાગમાં ૪૭ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે, જે એસ્ટ્રોનોમીના મૂળ સિદ્ધાંતો અને તેના ઈતિહાસની માહિતી આપે છે.

પ્રેઝન્ટ ગેલેરી વિભાગમાં વર્તમાન સમયને અનુલક્ષીને અવકાશ મિશન અને તેને લગતી શોધોના ૩૦ જેટલા વિવિધ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આવી જ રીતે ફ્યુચર ગેલેરી વિભાગમાં સંશોધનના ભાવિ દષ્ટિકોણને ખ્યાલમાં રાખી ૨૪ એક્ઝિબિટ્સ બનાવવામાં આવ્યાં છે.

**બ્રહ્માંડની રસપ્રદ જાણકારી મેળવવાનું આકર્ષક સ્થળ બનશે**

ભારતના એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સના યોગદાનને ધ્યાને રાખી ખાસ વિજ્ઞાન ગેલેરી પણ બનાવવામાં આવી છે, જેમાં વિવિધ ૩૨ એક્ઝિબિટ્સનો સમાવેશ થાય છે. સ્ટેરલર ગેલેરીમાં વિવિધ તારાઓ અને તારામંડળોની રચનાની માહિતી આપતા ૮ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. સાથે-સાથે વર્ચ્યુઅલ રિયાલિટી ગેલેરીમાં અવકાશનો વર્ચ્યુઅલ પ્રવાસ કરાવતા ૪ એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાર એટ્રિયમ આધારિત અને ૬ આઉટડોર ઈન્સ્ટોલેશન પણ મુલાકાતીઓને યુનિક અનુભવ આપશે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઊભી કરવામાં આવેલી આ ગેલેરીમાં વૈજ્ઞાનિક માહિતી તેમજ વિઝ્યુઅલ દ્વારા નવી પેઢી માટે બ્રહ્માંડની રસપ્રદ જાણકારી મેળવવાનું સ્થળ બનશે.

**ગેલેરીની મુખ્ય વિશેષતાઓ**

૧૭૨ બેઠક ક્ષમતા ધરાવતો હાઈબ્રિડ ડોમ પ્લેનેટેરિયમ, જે દેશનો એકમાત્ર ઊંચો પ્લેનેટેરિયમ છે. આ સાથે ૨૪ ઈંચ ટેલિસ્કોપ યુક્ત ઓબ્ઝર્વેટરી ડોમ, જેમાં ૩૬૦-ડિગ્રી વ્યૂઈંગ અને અદ્યતન એસ્ટ્રોફોટોગ્રાફી સાધનો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ૬.૫ મીટર વ્યાસ ધરાવતો વિશ્વનો સૌથી મોટો મિકેનિકલ ઓરરી મુકાયો છે, જે ગ્રહોની ગતિને દર્શાવે છે.

## કેલીગ્રાફમાં 'ઓપરેશન સિંદુર'નો આભાર કર્યો વ્યક્ત









ભરૂચના કેલીગ્રાફી કલાકાર ગોરી યુસુફ હુસેનજીની અનોખી દેશભાવના.

### એટ્રોસિટીના કાયદાનો ગુનો આપમેળે ગણાય નહીં : હાઇકોર્ટ

। અમદાવાદ, તા.૧૪ ।

એટ્રોસિટીના કાયદાની સ્પષ્ટતા કરી આપતો અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની ખંડપીઠે રેપ અને પોક્સોના ગુનાના આરોપીને એટ્રોસિટીના કાયદામાં પણ દોષિત ઠરાવી સજા ફટકારતો આદેશ રદબાતલ ઠરાવતાં એવી સ્પષ્ટતા કરી છે કે,'આરોપી વિરૂદ્ધ IPC હેઠળનો ગુનો સાબિત થતો હોય તેવા કિસ્સામાં એટ્રોસિટીના કાયદાનો ગુનો આપમેળે ગણીને તેને સજા કરી શકાય નહીં. એટ્રોસિટીના કાયદામાં થયેલા સંશોધન મુજબ પીડિત વ્યક્તિ SCST વર્ગની હોવાનું આરોપી જાણતો હોય અને એ ચોક્કસ વર્ગનો હોવાથી તેની વિરૂદ્ધ ગુનો આચરાયો હોવાના કિસ્સામાં જ એટ્રોસિટીના કાયદાની જોગવાઈ લાગૂ કરી શકાય. એટલું જ નહીં એટ્રોસિટીના કાયદા હેઠળનો ગુનો બનતો હોવાના પુરાવાનું મૂલ્યાંકન પણ કરવું પડે.

### લોકોમાં ડરનો માહોલ, તાત્કાલિક કરાયું રેસક્યૂં

# જૂનાગઢમાં ઝૂમાંથી બહાર નીકળી સોસાયટીમાં ઘુસી ગયું રીંછ

### રીંછને જે વિસ્તારમાં રાખવામાં આવે છે ત્યાં પાંજરામાંથી વૃક્ષની ડાળીનો સહારો લઈ દીવાલ કૂદીને ઝૂની પાછળ આવેલ કસ્તુરબા કોલોનીમાં ઘૂસી ગયું હતું

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૪ ।

જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી એક રીંછ બહાર નીકળી જતા દોડધામ મચી ગઈ હતી. રીંછને જે વિસ્તારમાં રાખવામાં આવે છે ત્યાં પાંજરામાંથી વૃક્ષની ડાળીનો સહારો લઈ દીવાલ કૂદીને ઝૂની પાછળ આવેલ કસ્તુરબા કોલોનીમાં ઘૂસી ગયું હતું. સ્થાનિકોએ તુરંત ઝૂના સત્તાધીશોને જાણ કરતા તાબડતોબ તેનો કાફલો ઘટનાસ્થળે દોડી આવી રીંછનું રેસ્ક્યુ કરી તેને ઝૂમાં રાખવામાં આવ્યું છે.



સક્કરબાગ ઝૂમાં સિંહ-દીપડા, વાઘ સહિતના અનેક વન્યપ્રાણીઓને રાખવામાં આવે છે. તમામ વન્યજીવોને મોટા પાંજરામાં રાખવામાં આવે છે. તે પાંજરામાંથી રીંછ બહાર નીકળીને ઝૂની પાછળના ભાગે આવેલી સોસાયટીમાં આંટાફેરા મારવા લાગ્યું હતું. સ્થાનિકો રીંછ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સ્થાનિકોને જાણ થઈ ગઈ હતી કે રીંછ ઝૂમાંથી બહાર નીકળી ગયું હોય શકે છે, જેથી તાત્કાલિક ઝૂમાં જાણ કરવામાં આવી. ત્યારબાદ ઝૂનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો અને રીંછને બેભાન કરીને પકડી લેવામાં આવ્યું.આ અંગે ઝૂના સત્તાધીશોએ જણાવ્યું હતું કે, ૯ મેના દિવસે સક્કરબાગનો સ્ટાફ સિંહ ગણતરી માટેની તૈયારીમાં લાગ્યો હતો તેવા સમયે દિવસે ઝૂમાં રીંછનું પાંજરૂ છે તેમાં એક મોટું વૃક્ષ છે, વૃક્ષની પાતળી ડાળીઓ પકડીને તે વૃક્ષ પર ચઢી ઝૂની દીવાલ કૂદીને બહાર નીકળી ગયું હતું. રીંછ ગમે તેવી જગ્યાએ ચઢવા માટે ખૂબ જ ચપળ અને સક્ષમ હોવાથી બહાર નીકળવામાં તેને સફળતા મળી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ છે. જે દિવાલ કૂદીને બહાર ગયું ત્યાં રીંછના નખના નિશાન પણ જોવા મળ્યા છે. ઝૂ કિપરને રીંછ બહાર નીકળ્યું હોવાની જાણ થઈ ગઈ હતી તે રીંછને શોધવા માટે દોડધામ કરતા હતા ત્યાં માહિતી મળી કે રીંછ સોસાયટીના રહેણાંક વિસ્તારમાં આવી ચડ્યું છે. જેથી રીંછને પકડવામાં ઓછી મુશ્કેલી પડી હતી. રીંછ સોસાયટીમાં આવી જતા લોકોએ તેમના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા.

### પાલનપુર તાલુકાના રતનપુર ગામે મકાનમાંથી ૬ લાખની મત્તા ચોરાઈ

। પાલનપુર, તા.૧૪ ।

પાલનપુર તાલુકાના રતન પુર ગામે રહેતો પરિવાર સોમવારે ઘરેથી નાસ્તો ખરીદવા ગયો હતો. તેઓ પરત આવી જોતાં તેમના મકાનના બારીના સળિયા તૂટેલા હતા અને મકાનમાં ચોરી થયેલી હતી. જે જોતા અંદાજિત રૂ. ૬ લાખની ચોરી થઈ હોવાની ફરિયાદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પાલન પુર તાલુકાના રતનપુર ગામની સીમમાં રહેતા ગીરીશભાઈ રણછોડભાઈ કમાણીયા (પટેલ) સોમવારે ઘર બંધ કરી તેમની પત્ની સાથે લક્ષ્મીપુરામાં નાસ્તો લેવા માટે ગયા હતા. તે સમય દરમિયાન કોઈ અજાણ્યા ચોરોએ તેમના મકાનના બારીની લોખંડની ગ્રીલના સળિયા વાળી તોડી નાંખી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનના રૂમમાં કબાટમાં રાખેલી બેગમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળી કુલ રૂ. ૬ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

## અમદાવાદ મંડળે મુસાફરોની સુવિધા માટે કર્યા વિભિન્ન સરાહનીય પ્રયાસો

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ દ્વારા તાજેતરમાં મુસાફરોની સુવિધા અને સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વિભિન્ન સમયસર અને પ્રશંસનીય પગલાં લીધાં છે. જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

તારીખ ૦૯.૦૫.૨૦૨૫ ના રોજ, ટ્રેન સંખ્યા ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ એક્સપ્રેસ ને તેના નિર્ધારિત માર્ગ વિરમગામ-સુરેન્દ્રનગર-વાંકાનેર-મોરબી-ગાંધીધામને બદલે ઓપરેશનલ કારણોસર વૈકલ્પિક માર્ગ વિરમગામ-ધ્રાંગધ્રા-સામાખ્યાલી-ગાંધીધામ દ્વારા ચલાવવામાં આવી હતી. આ ફેરફાર ની જાણકારી હેતુ મુસાફરોને અગાઉથી સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા અને વાંકાનેર અને મોરબી સ્ટેશનો પર પણ ટ્રેન ના માર્ગ પરિવર્તનની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, રેલ પ્રસાસન દ્વારા ધ્રાંગધ્રા સ્ટેશન પર GSRTC (ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ) ના સહયોગથી બે બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના દ્વારા લગભગ ૮૦ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર સુરક્ષિત અને સરળતાથી પહોંચાડવામાં આવ્યા હતા. ઉનાળાના વેકેશન દરમિયાન સ્ટેશનો પર અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને, અમદાવાદ મંડળ દ્વારા નીચે મુજબ ના નક્કર પગલાં લેવામાં આવ્યા છે:

*વધારાના ટિકિટ કાઉન્ટરની જોગવાઈ *મુસાફરો માટે સુનિયોજિત કતાર વ્યવસ્થા *સર્ક્યુલેટિંગ અને હોલ્ડિંગ ક્ષેત્ર ની વ્યવસ્થા *વધારાના રેલ્વે સ્ટાફની તૈનાતી *નિયમિત જાહેરાતો દ્વારા માહિતી પૂરી પાડવી

આ ઉપરાંત, ભારે ગરમી દરમિયાન મુસાફરોને રાહત આપવા માટે, અમદાવાદ મંડળ ના અમદાવાદ, સાબરમતી, અસારવા,મણિનગર,વટવા સહિત વિભિન્ન સ્ટેશનો પર બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ) અને ડીઆરયુસીસી(ડિવિઝનલ રેલ યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) સાથે સંકલન કરીને વધારાના પીવાના પાણીની મફત વ્યવસ્થા કરવામાં આવી છે.

અમદાવાદ મંડળ રેલ પ્રશાસન મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે સતત પ્રયાસરત છે.

### બાંગ્લાદેશી મહિલાનું જીમેલ એકાઉન્ટ પાક.માં એક્ટિવ થયું હતુંઃ ક્રાઇમ બ્રાન્ચ

। અમદાવાદ, તા.૧૪ ।

બોગસ દસ્તાવેજના આધારે ભારતીય પાસપોર્ટ કઢાવનાર બાંગ્લાદેશી મહિલાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધી છે. મહિલા આરોપીને કોર્ટમાં રજૂ કરતા અરજન્ટ કોર્ટે ૧૮મી સુધી આરોપીના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. રિમાન્ડ અરજીમાં ક્રાઈમ બ્રાન્ચે એવી રજૂઆત કરી હતી કે, મહિલા અગાઉ એન્ડ્રોઈડ ફોન વાપરતી હતી ત્યારે તે ફોનનું જી મેલ એકાઉન્ટ પાકિસ્તાનમાં એક્ટિવ થયું હતું. જેથી દેશની આંતરિક સુરક્ષા માટે તે મુદ્દો મહત્ત્વનો છે તે અંગે તપાસ જરૂરી છે. ઉપરાંત, મહિલાનું ફેસબુક એકાઉન્ટ સહિતના સોશિયલ મીડિયા બાંગ્લાદેશમાં એક્ટિવ થયા હતા તે મામલે પણ તપાસ જરૂરી છે. સરકાર તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી મૂળ સુમિલપરા, જિલ્લો-નારાયણગંજ, ઢાકા બાંગ્લાદેશની વતની છે.

### ચોરી અંગેની ફરિયાદ પાલનપુર રેલવે પોલીસ મથકે નોંધાઈ હતી

# પાલનપુર રેલવે સ્ટેશને મુસાફરનો મોબાઇલ ચોરનારને ૭ વર્ષની સજા

### ૫,૦૦૦નો દંડ પણ કરાયો, દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની કેદની સજાનો હુકમ કરાયો

। (એજન્સી) પાલનપુર, તા.૧૪ ।

પાલનપુર રેલવે સ્ટેશન પરથી એક મુસાફરનો મોબાઈલની ચોરી કરનારને પોલીસે ઝડપી લઈ તેની સામે રેલવે પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસ પાલન પુરની કોર્ટમાં ચાલી જતા આરોપીને સાત વર્ષની સજા તેમજ રૂ. ૫,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, એક મુસાફર બરેલી રેલવે સ્ટેશનથી પાલન પુર આવવા જનરલ ટિકિટ લઈ બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેનમાં ગત તા. ૨૩-૧૧-૨૦૨૩ના રોજ પાલનપુર પહોંચ્યો હતો. આ મુસાફરને ભાવનગર જવાનું હોઈ તેઓએ પાલનપુર રેલવે સ્ટેશનથી અમદાવાદ સુધીની જનરલ ટિકિટ લઈ આશ્રમ એક્સપ્રેસ ટ્રેનના આગળના જનરલ ડબ્બામાં બેસવા ગયો તે વખતે ભીડભાડનો લાભ લઈ એક જણાએ મુસાફરના ખિસ્સામાં રાખેલો મોબાઈલ ફોન ચોરી લીધો હતો. જોકે, તે ભાગવા જતા મુસાફરે બૂમાબૂમ કરતાં ફરજ પરની પોલીસે તેને ઝડપી લઈ મુસાફરનો મોબાઈલ કબજે કરવામાં આવ્યો હતો. આ અંગેની ફરિયાદ પાલન પુર રેલવે પોલીસ મથકે નોંધાઈ હતી. આ કેસ પાલનપુરની કોર્ટમાં ચાલી જતાં આરોપી સરવરખાન બિસ્મિલ્લાખાન મોગલ (રહે. અલ્લાહ નગરની ચાલી, દાણીલીમડા, બહેરામ પુરા, અમદાવાદ)ને ભારતીય દંડ સહિતની કલમ મુજબ ગુનાના કામે તકસીરવાન ઠરાવી સાત વર્ષની સખત કેદની સજા તેમજ રૂ. ૫,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. તેમજ દંડની રકમ ન ભરે તો આરોપીને વધુ ૩૦ દિવસની કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

### પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો

## બોરસદના ભાદરણ-કિંખલોડ રોડ પર ટ્રકની ટક્કરે બાઈકચાલકનું કરુણ મોત

। (એજન્સી) આણંદ, તા.૧૪ ।

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણ ગામે તમાકુની ખરીમાં રહેતા મૂળ સંખેડાના પરિવારને ત્યાં ત્રણ-ચાર દિવસથી રહેવા આવેલો સંખેડાનો યુવક સંબંધી પિતરાઈ ભાઈનું બાઈક લઈને ભાદરણ ચોકડી તરફ જતો હતો ત્યારે ટ્રેક્ટરની ઓવરટેક કરવા જતા ટક્કર વાગતાં માથામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં યુવકનું સ્થળ પર જ મોત નીપજ્યાની ફરિયાદ ભાદરણ પોલીસમથકમાં નોંધાઈ છે.

બોરસદ તાલુકાના ભાદરણ ગામે શૈલેષનગર વિસ્તારમાં મૂળ છોટાઉદેપુર જિલ્લાના સંખેડાના કલ્પેશભાઈ મનુભાઈ તડવી પોતાના માતા-પિતા, પત્ની સહિતના પરીવાર સાથે રહે છે અને ભાદરણ ગામે આવેલ મનોજભાઈ પટેલની માં ભદ્રકાળી નામની તમાકુની ખરીમાં મજૂરી કામ કરી જીવન ગુજરાન ચલાવે છે. કલ્પેશભાઈ તડવીએ પોતાના વપરાશ માટે ગ્લેમર બાઈક નંબર જીજે-ડીએક્સ-૭૯૦૬ લીધેલું છે. અને પોતાના કામકાજ અર્થે ઉપયોગ કરે છે.

કલ્પેશભાઈ તડવીના માતાના કાકાના દીકરા પ્રવીણભાઈ જે સંખેડા ખાતે રહે છે. તેઓની સાથે સંબંધો સારા હોવાથી એકબીજાના ઘરે અવરજવર કરતા હોય છે. કલ્પેશભાઈ તડવીના પિતરાઈ મામા પ્રવીણભાઈનો દીકરો ધર્મેશભાઈ ત્રણ-ચાર દિવસથી ભાદરણ ગામે કલ્પેશભાઈ તડવીના ઘરે રહેવા આવ્યો હતો.

### અનફીટ વાહનોની ભૌતિક ચકાસણી કર્યા સિવાય સરકારી રેકર્ડ સાથે ચેડાં કર્યા

# મહેસાણાના ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશને ૩૧૬ અનફીટ વાહનોને ફીટ જાહેર કરી દીધાં!

### નમન ઈલેક્ટ્રોનિક્સ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનના સંચાલક સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી

। (એજન્સી) મહેસાણા, તા.૧૪ ।

મહેસાણાના હેડૂવા રાજગર સ્થિત નમન ઈલેક્ટ્રોનિક્સ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન દ્વારા વાહનોની ભૌતિક ચકાસણી કર્યા સિવાય સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી કુલ ૩૧૬ અનફીટ વાહનોને ફીટ જાહેર કરી દીધાં હોવાનું ખુલતાં મહેસાણા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.વાહન વ્યવહાર કમિશનરની કચેરી ગાંધીનગર દ્વારા મહેસાણાના હેડુવા રાજગર ખાતે નમન ઈલેક્ટ્રોનિક્સ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનના સંચાલક સંજય પ્રવિણભાઈ રામાણી (રહે. જીઆઈડીસી ફેઝ-૨, રોડ નં.૧૩, ખથવાડા, અમદાવાદ)ને તા.૧-૭-૨૦૧૭થી વાહનોનું ટેસ્ટિંગ કરી વાહનના ફીટનેસ/રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રિન્યૂ કરવા અંગેની મંજૂરી-પરવાનો અપાયેલો છે. ATS (ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન) દ્વારા ફીટનેસ ટેસ્ટની કામગીરી એનઆઈસી દ્વારા વિકસાવવાયેલી ઓટોમેટેડ ફીટનેસ મેનેજમેન્ટ સિસ્ટમ (AFMS) દ્વારા કરાતી હોય છે. ATS દ્વારા ફીટનેસ ટેસ્ટની પ્રક્રિયા પૂર્ણ કરી ટેસ્ટ રિઝલ્ટ (ફોર્મ નં.૬૯) AFMS પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે અને ત્યાર બાદ ફીટનેસ સર્ટિફિકેટ ફોર્મ નં.૩૮ ઈશ્યૂ કરવામાં આવતા હોય છે.જોકે, નમન ઈલેક્ટ્રોનિક્સ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન દ્વારા તા.૨-૯-૨૦૨૩થી તા.૨૧-૧૧-૨૦૨૩ દરમિયાન કુલ ૮૪૫ વાહનોના ફીટનેસ ટેસ્ટ લેવામાં આવ્યા હતા અને ફોર્મ નં.૬૯ અપલોડ કરાયા હતા. વાહન વ્યવહાર કમિશનર ગાંધીનગર કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ આ ફોર્મ નં.૬૯ની ચકાસણી કરતાં કુલ ૩૧૬ વાહનોના ફીટનેસ ટેસ્ટ કર્યા સિવાય વાહનોની ગેરહાજરીમાં ફીટનેસ ટેસ્ટ ઈશ્યૂ કરાયાં હોવાનું જણાયું હતું અને નમન ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આ વાહનોના અગાઉના ઉપલબ્ધ ફોટાને એડિટ કરી ફોર્મ નં.૬૯માં અપલોડ કરી ખોટા દસ્તાવેજો તૈયાર કરવામાં આવેલા હોવાનું જણાયું હતું.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

